# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

**CDO PRAKASH SAMIKSHA**

FORTNIGHTLY

Since 1925...

સળંગ વર્ષ ૯૫મું

VOLUME : 22 • ISSUE : 12 • PAGES : 32 • MUMBAI • DATE : 20TH JANUARY 2020 • YEARLY SUBSCRIPTION RS. 50/-

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com


## જાન્યુઆરી ૨૦૨૦માં નવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ બનેલા કે.ડી.ઓ. તેજસ્વી તારલાઓ



કુ. મનાલી હિના/જીતેન્દ્ર લાલકા
વારાપધર - અંતરજાલ



કુ. જુહી તૃપ્તી/કેતન શીવજી વિકમશી
રાણપર - લાલબાગ



કુ. અદિતી કલ્પના/ગીરીશ દેવશી ધુલ્લા
સુથરી - ડોંબિવલી



કુ. ખ્યાતી કલ્પના/રાજીવ જયચંદ લુઠીયા
રવા - મુલુંડ



શ્રીમતી દર્શના ચિંતન ચેતન મુનવર
જખૌ - બેલ્લારી



શ્રી દર્શન આશા/દિપક ડાઘા
વરાડીયા - મુલુંડ



કુ. સલોની જલ્પા/પંકજ ખીમજી ગોસર
બાયઠ - ભાંડુપ



કુ. જયની અરૂણા/શાંતિલાલ શાહ (લોડાયા)
સુથરી - થાણા



કુ. મેઘલ નિલમ/રાજેશ રાયચંદ છેડા
વારાપધ્ધર - મુલુંડ



કુ. સલોની લતા/રોહિત દેવશી લોડાયા
વરાડીયા - ઘાટકોપર



કુ. ખુશ્બુ કુસુમ/રમેશ લાલજી છેડા
સુજાપુર - ડોંબીવલી



કુ. રોશની હંસા/પ્રવીણ સોમચંદ લોડાયા
નલીયા - હૈદ્રાબાદ



શ્રીમતી રૂહી ધવલ મહેન્દ્ર લોડાયા
તેરા - રાયપુર



નીરજ કનક/જગદીશ રતિલાલ લોડાયા
પરજાઉ - ડોંબીવલી



ચિંતક દમયંતી/જવેરચંદ લાલજી ખોના
નલીયા - અમદાવાદ



અજય હંસા/જવેરચંદ દામજી ધ્રોળ
કોટડી - ડોંબીવલી

**પ્રકાશ સમીક્ષાના અભિનંદન**



કુ.જ્યોતિ પદ્મિની/પ્રમોદ પ્રેમચંદ ધરમશી (ભગત)
જખૌ - કાંદીવલી

# સ્મરણાંજલી



## અ.સૌ. પ્રમીલાબેન ઠાકરશી મેઘજી ગોસર

ગામ : બાયઠ  હાલ : ઘાટકોપર

જન્મ : તા.૩૦-૦૯-૧૯૪૩ (કરાંચી)  અરિહંત શરણ : તા.૦૧-૦૧-૨૦૨૦ (મુંબઈ)

જિન તત્વનાં સત્વશીલ ઉપાસક આપશ્રી એ પ્રાતઃકાળે સ્વયં સ્ફુરણાના યોગે
કર્ણપટ પર મૂકેલ ઈયર ફોનના માધ્યમે પાવનકારી ભક્તામર સ્તોત્રનું મંગલ શ્રવણ કરતાં કરતાં
કોઈ ઉંહકાટ - ઉચાટ વિના શાતાપૂર્વક સ્વસ્થ દેહાવસાનનું સૌભાગ્ય પ્રાપ્ત કર્યું.
સમગ્ર આયુષ્ય અને ૫૩ વર્ષના પરિણય સંગાથ દરમ્યાન અતુલ્ય કુટુંબ વાત્સલ્ય
દાખવીને આનંદ - ઉલ્લાસથી જીવન સૌંદર્ય માણ્યું અને સૌ સ્નેહીજનોને ભરપૂર
સાથ - સહકાર આપ્યો. ઉન્નત મસ્તકે સ્વાભિમાન જાળવીને પણ સૌમ્ય, અનુકંપામય
હૃદય ભાવના અને નૈસર્ગિક ઔદાર્ય સ્વભાવની અમીવર્ષા કરતા રહ્યા.
ઋણાનુબંધના પ્રવાહમાં ઉદભવતા સંયોગ - વિયોગના ઘટનાક્રમ અને પ્રત્યેક આત્માના
નિશ્ચિત અફર કર્મ નિર્જરાના યાત્રાપથ ગમનનો અમે સમતાપૂર્વક સ્વીકાર કરીએ છીએ.
આપનું પુણ્ય સ્મરણ અમને જિન તત્વની સર્વોપરિતાની શુભદાયી પ્રેરણા આપતું રહેશે.
સર્વ સકલ જીવાત્માઓનું મંગલ કલ્યાણ વર્તી રહો.

માતુશ્રી સોનબાઈ મેઘજી હીરજી ગોસર પરિવાર, ગામ : બાયઠ
માતુશ્રી સોનબાઈ ધારસી હીરજી વીકમશી પરિવાર, ગામ : જખૌ

## શ્રી ક.દ.ઓ.જૈન શિક્ષણ સોસાયટી

# શ્રી સી.ડી.ઓ. જૈન ઇંગલીશ મીડીયમ સ્કૂલ, ગદગનું ૧૧૫ મું વાર્ષિક સ્નેહ મિલન

## ૨૦૧૯ - ૨૦૨૦




JYOTI GRAPHICS, GDG. 9448422072

।। શ્રી આદિનાથાય નમઃ ।।

(રજી. નં. ગુજ /૩૪૬)

# શ્રી કચ્છી દશા ઓશવાલ સાંયરા જૈન મહાજન ટ્રસ્ટ
## સાંયરા વિકાસ મંડળ

# 23મું સ્નેહમિલન

પ્રસંગે સહુ ગામવાસીઓને સહ પરિવાર પધારવા

ભાવભર્યું आमंत्रण

**શુભ દિવસ**

રવિવાર,
તા. ૨૬-૦૧-૨૦૨૦ના
બપોરે ૪.૦૦ કલાકે
(ચૌવિહારની વ્યવસ્થા રાખેલ છે.)

**ધ્વજાના ચડાવા સ્નેહમીલનમાં લેવામાં આવશે.**

**શુભ સ્થળ**

ફ્રેન્ડ્સ કો.ઓપ. સ્કુલ બેંક્વેટ હોલ,
૮મે માળે, વસંત ઓસ્કારની સામે,
એલ.બી.એસ. માર્ગ, મુલુંડ (વે.),
મુંબઈ - ૪૦૦ ૦૮૦.

સંવત ૨૦૭૬

।। શ્રી આદીનાથાય નમઃ ।।

।। શ્રી આર્ય-જય-કલ્યાણ-ગૌતમ-નીતિ-દાન-નેમ-ગુણ
ગુણોદય-કલાપ્રભ-કવીન્દ્રસાગર-વિરભદ્રસાગર-મહોદયસાગરસૂરિભ્યો નમઃ ।।

સન ૨૦૨૦

## સાંયરા તિર્થ જિનાલયની ૧૪૨મી ધ્વજારોહણ પ્રસંગે

સાંયરાવાસી, નિયાણી બહેનો સહપરિવાર તથા આમંત્રિત મહેમાનોને

**ત્રિહાનિકા મહોત્સવ** પ્રસંગે પધારવા

ભાવભર્યું आमंत्रण





**પાવન નિશ્રા** : દિર્ઘ સંયમી પરમ વિદુષી
પ.પૂ.સા. શ્રી હંસાવલીશ્રીજી મ.સા. તથા આદિ ઠાણા।

**: મહોત્સવનો કાર્યક્રમ :**
ફાગણ સુદ ૧ સોમવાર, તા. ૨૪-૨-૨૦૨૦ થી
ફાગણ સુદ ૩ બુધવાર, તા. ૨૬-૨-૨૦૨૦



સાંયરા તિર્થની ૧૪૨મી ધ્વજા મહોત્સવ ઉજવવા તન-મન-ધનથી નાનું-મોટું યોગદાન આપી પોતાની લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવી લાભ આપવા વિનંતી.

**ડાયમંડ દાતા રૂા. ૧૧,૦૦૦/- ● ગોલ્ડન દાતા રૂા. ૭,૫૦૦/- ● સિલ્વર દાતા રૂા. ૫,૦૦૦/-**

નિમંત્રક

**શ્રી કચ્છી દશા ઓશવાલ સાંયરા જૈન મહાજન ટ્રસ્ટ**

UPASANA-9820167767

**આદ્યતંત્રીઓ**
**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
ડૉ. હિરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના
ઉદયન લાલજી લોડાયા
મુકેશ ભવાનજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : હીરાચંદ દામજી દંડ
માનદ્‌મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર
**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા

**: ઑડીટર્સ :**
CA હિતેશ મણીકાંત ધરમશી

**અંક નં. ૧૨**
**Date : 20-01-2020**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. CHINTAN GRAPHICS**
Dr. Babasaheb Ambedkar Chowk,
90ft Garage Lane,
Opp. Shastri Nagar, Pant Nagar,
Ghatkopar (E), Mumbai - 400075.
Tel.: 022-2508 4463 /64 /65
E-mail : kdoprakash@gmail.com

**સમય** : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463 / 64 / 65**
**Mob.: 98211 54326**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com

**તંત્રી સ્થાનેથી**

# શું આપણી જ્ઞાતિને વડીલગૃહની જરૂર છે ?

ઘણાં વર્ષોથી હું વિચારૂં છું કે શું આપણી જ્ઞાતિને વડીલગૃહની જરૂર છે ? કોણ ત્યાં રહેશે ? અને વડીલગૃહનું નિર્માણ કરાય તો આપણા જ્ઞાતિજનો તેનો ઉપયોગ કરશે ? આ પ્રશ્નોનો ઉત્તર મેં હાલમાં ગદગસ્થિત 'જીવનસંધ્યા'ની મુલાકાત લીધી ત્યારે મને મળ્યો. આ સંસ્થાની આ અગાઉ બે વખત મેં મુલાકાત લીધી છે.

આ મહિને સી.ડી.ઓ. ઈંગ્લીશ મીડીયમ સ્કુલ ગદગના એક કાર્યક્રમ માટે ત્યાં ગયો હતો ત્યારે મેં જીવન સંધ્યાની ફરીથી મુલાકાત લેવાની તક ઝડપી લીધી. ઈ.સ. ૧૯૯૧માં શ્રી તિલકચંદ લોડાયા દ્વારા સ્થાપિત 'જીવનસંધ્યા'એ કર્ણાટકના ગદગ સ્થિત વડીલગૃહ (ઓલ્ડ એજ હોમ) છે. જખૌના શ્રીમતી મણીબેન કાંતિલાલ શાહ (મૈશેરી) – ગદગવાલાએ દાન આપવાની ઈચ્છા શ્રી તિલકચંદભાઈ પાસે વ્યક્ત કરી અને તેમણે વડીલગૃહ શરૂ કરવાનું સૂચન કર્યું. વર્તમાનમાં જીવનસંધ્યાનું સંચાલન શ્રી હરીશ શીવલાલ મુનવર, શ્રી તિલકચંદ કુંવરજી લોડાયા, શ્રી હેમાંગ રાયચંદ ધરમશી તથા અન્ય ટ્રસ્ટીશ્રીઓ કરી રહ્યા છે. સ્થાપક શ્રીમતી મણીબેન કાંતિલાલ શાહ ટ્રસ્ટના કાયમી ટ્રસ્ટી છે.

જીવનસંધ્યામાં ૬ વરસથી રહેતા એક ૭૦ વરસના અપરણિત સજ્જન સાથે મારી મુલાકાત થઈ. તેઓ ડોંબીવલી રહેતા હતા અને નિવૃત થયા પછી તેઓએ અહિં આવવાનો નિર્ણય લીધો. તેવી જ રીતે અન્ય ૭૦ વર્ષના એક સજ્જન પણ છેલ્લા ૧૧ વરસથી અહિં નિવાસ કરી રહ્યા છે. જો જીવનસંધ્યા ન હોત તો આ બન્ને વડીલો ક્યાં ગયા હોત ? તેમને પોતાનો પરિવાર નથી અને આજના ઝડપી યુગમાં નીકટના પરિવારજનો તેમને કાયમી સાચવે એવી અપેક્ષા ન રાખી શકાય. જીવનસંધ્યામાં તેઓને સ્વાદિષ્ટ જૈન ભોજનની સારી સુવિધા મળે છે.

હું અહી એક વૃધ્ધ સન્નારીને પણ મળ્યો કે જેમનો એકમાત્ર પુત્ર વિદેશમાં રહે છે. આ બેન જીવનસંધ્યામાં સુખેથી નિવાસ કરે છે. એક વૃધ્ધ દંપતિ જે પોતાના પુત્રથી અલગ થઈ અહીયાં ૧૦ વરસથી રહે છે. જીવનસંધ્યા પુરેપુરૂં ભરાયેલું નથી કારણ કે ગદગ થોડું દુરનું સ્થળ છે તેથી વૃધ્ધ વ્યક્તિઓ પરિવાર અને સંબંધીઓથી દૂર રહેવા તૈયાર નથી થતા. પરંતુ જે વડીલો શાંતિમય જીવન તથા સારૂં વાતાવરણ ઈચ્છતા હોય તેમને જીવનસંધ્યામાં આવવા વિચારવું જોઈએ એમ હું માનું છું.

આપણે સૌ સાધારણ રીતે એમ માનીએ છીએ કે વડીલગૃહો ન બનવા જોઈએ. કારણ કે વૃધ્ધ માતા-પિતાને સાચવવાની સંતાનોની ફરજ છે. જો વડીલગૃહ હશે તો સંતાનો પોતાના વૃધ્ધ બીમાર વડીલોને ત્યાં જ મૂકી આવશે. મહદંશે આ વાત સાચી છે પરંતુ મર્યાદિત આવકના કારણે અનેક સંતાનો વડીલોની સારી સાર સંભાળ ન રાખી શકતા હોય ત્યારે તેઓ વડીલગૃહમાં સુખેથી રહી શકે છે.

મને લાગે છે કે આપણા જ્ઞાતિજનો માટે મુંબઈથી નીકટના સ્થળે વડીલગૃહ હોવું જોઈએ. જેથી મુંબઈમાં રહેતા તેમના સંતાનો તથા પરિવારજનો સાથે હળી મળી શકે તથા પોતાનું શાંતિમય જીવન પણ જીવી શકે. આ આયોજન અનેક પરિવારોને મુંઝવતા પ્રશ્નોને સુલઝાવી વૃધ્ધ વડીલોને સન્માન તથા શાંતિપ્રદ જીવન આપી શકશે. ક.દ.ઓ. જ્ઞાતિની સમાજસેવી સંસ્થાઓને આ માટે આગળ આવવું જોઈએ.

**– ડૉ. હિરાચંદ દંડ, Mob.: 7738508150**

## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઇત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.


**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી**

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા


**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

## શ્રીમતી ચંદ્રિકાબેન ભૂપેન્દ્ર લોડાયા જખૌ (પુના) વાલાની કલમે મુંબઇ સમાચારમાં દર રવિવારે ધારાવાહિક 'મૃત્યુથી બે ડગલા છેટું'



બીજા વિશ્વયુધ્ધ સમયે જર્મનીમાં હિટલરે યહુદીઓની સામુહિક કત્લેઆમ માટે યાતના શિબિરોમાં ગુજારેલા સિતમો વર્ણવતી નવલકથા 'બટ આઇ સર્વાઇવ્ડ'નો ગુજરાતી અનુવાદ 'મૃત્યુથી બે ડગલા છેટું' શિર્ષક હેઠળ દર રવિવારે મુંબઇ સમાચારની 'ઉત્સવ' પૂર્તિમાં ધારાવાહિક સ્વરૂપે પ્રકાશિત થશે.

ચંદ્રિકાબેનનું ટુંકી વાર્તાઓનું પુસ્તક 'ભવોભવ' ઇ.સ. ૨૦૧૩માં ગુજરાતી સાહિત્ય અકાદમી દ્વારા પ્રકાશિત થયું હતું. સવિતા, ચાંદની, સ્ત્રી, અખંડ આનંદ, નવનીત સમર્પણ જેવા સાહિત્યિક અંકોમાં તેમની વાર્તાઓ-લેખો પ્રસિધ્ધ થયા છે તે ઉપરાંત જન્મભૂમિમાં તેમના પ્રવાસ વર્ણનો પ્રસિધ્ધ થયા છે. બાળ સામાયિક ઝગમગમાં તેમની દીર્ઘ વાર્તા પ્રસિધ્ધ થતી હતી. પુનાથી પ્રસિધ્ધ થતા પુના મહારાષ્ટ્ર હેરલ્ડ અંગ્રેજી અખબારમાં દોઢ વર્ષ સુધી પ્રવાસલક્ષી કોલમનું લેખન કર્યું છે.

ઉપરાંત તેમણે એકોકિત પ્રયોગ માટે સંકલિત સંગ્રહ સમરંગમાં પણ તેમની કૃતિ પ્રકાશિત થઇ છે ચંદ્રિકાબેનને મુંબઇ સમાચારની નવી ઇનીંગ માટે પ્રકાશ સમીક્ષા તરફથી અભિનંદન તથા શુભેચ્છાઓ.




# શ્રી સી.ડી.ઓ. જૈન ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ, ગદગ
## ૧૧૫ મું વાર્ષિક સ્નેહ-મિલન તા. ૫-૬-૭ જાન્યુઆરી ૨૦૨૦

## ''અહેવાલ''

તા. ૫ જાન્યુઆરીના બપોરે ૪ વાગે કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી થયેલ. સમારંભના મુખ્ય અતિથી તરીકે ડૉ. હીરાચંદ દામજી દંડ, તંત્રીશ્રી – પ્રકાશ સમીક્ષા અને ચેરમેન – શ્રી અરિહંત કો.ઑપ. બેંક અને એડવોકેટ શ્રીમતી મૃદુલા હીરાચંદ દંડ પધારેલ. બેઉ અતિથિગણ ખાસ મુંબઈથી આ કાર્યક્રમ માટે પધારેલ એ જાણી જ્ઞાતિજનો તેમજ શાળાના સ્ટાફને ખૂબ ખુશી થયેલ. અતિથી વિશેષ તરીકે ગદગ મહાજનના ઉપ-પ્રમુખ શ્રી ભુપેન્દ્ર ખોના પધારેલ. શાળાના પ્રમુખ ડૉ. પ્રદીપ ખોના અને સેક્રેટરી શ્રી સુજીવ સોની એ પોતાનું સ્થાન ગ્રહણ કરેલ. Administrative Officer શ્રીમતી સુમિત્રા ચાફેકર, Head Mistress શ્રીમતી માધુરી હીરેમઠ, શ્રીમતી રોમીલા કોલાર અને શ્રીમતી ઝીનત ખાઝી, General Secretary સ્વાતી, Gathering Leader વેદા અને Sports Leader પ્રિયદર્શિની મંચ પર બીરાજેલ.

શાળાના દશમા ધોરણના વિદ્યાર્થી કુમાર હરીશ કુરી, વિદ્યાર્થીનીઓ કુમારી વેદા શાહ અને કુમારી સ્વાતી કાડસીધ્ધેશ્વર મઠ ને સર્વશ્રેષ્ઠ Outstanding Boy & Outstanding Girl તરીકે દરેકને આકર્ષક ટ્રોફી અને રૂા. ૨૨,૨૨૨/-નો ચેક એનાયત કરી, શાલ અને બુકેથી સન્માન કરેલ. ૨૦૧૮-૧૯ની SSLC પરીક્ષામાં ૧૦૦ માંથી ૧૦૦ અંક Subject wise મેળવનારને રૂા. ૫૦૦/- નું ઇનામ અપાયેલ.

દરેક ક્લાસમાં Best Boy - Best Girl તેમજ Highest માર્કસ મેળવનારને ટ્રોફી આપવામાં આવેલ. ૨૦૧૮-૧૯ ની SSLC પરીક્ષામાં કુમાર પવન પુરાણીકે ૯૮.૨૪% મેળવીને ગદગ ડીસ્ટ્રીક્ટમાં 6th Rank અને ગદગ સીટી રેંજમાં 2nd Rank મેળવેલ છે, તેનું સન્માન કરી સ્પેશીયલ ટ્રોફી તેમજ રૂા. ૧૧,૧૧૧/-નું ચેક અપાયેલ.

Chief Guests- ડૉ. હીરાચંદભાઇએ શાળામાં Rotaract અને Intract Club શરૂ કરવાની સલાહ આપેલ. જેથી વિદ્યાર્થીઓને લીડરશીપ શીખવાની તેમજ સમાજસેવા કરવાની ધગશ મળે. વાલીઓને સલાહ આપી કે પોતાના બાળકોને સારામાં સારી સુવિધા આપવી જેથી જીવનમાં સરળ થઇ શકે. આપણી જ્ઞાતિના ભાઇ-બહેનોને મુંબઇમાં ચાલતી આપણી સંસ્થાઓ વિશે આછો ખયાલ આપેલ અને કોઇને પણ સંસ્થાઓમાં જરૂરત પડે તો તેની વ્યવસ્થા કરવાની બાહેંધરી આપેલ. તેવી જ રીતે એડવોકેટ મૃદુલાબેને Child Helpline, Good Touch Bad Touch તેમજ 'સ્પર્શ એક અહેસાસ' વિશે વિસ્તારથી સમાજાવેલ અને શ્રી રામ અને શબરી નો દાખલો આપી શ્રધ્ધા, સમર્પણનો આછો ખયાલ આપેલ. શ્રી સીડીઓ સ્કૂલ વિશે ખૂબ જ ઉત્કૃષ્ટ અભિપ્રાય આપેલ.

શાળાના પ્રમુખ ડૉ. પ્રદીપ ખોનાએ ચુનીંદા સ્ટાફનો તેમજ A.O. શ્રીમતી સુમિત્રા ચાફેકરનો, Chief Accountant આશિષ ધરમશીનું સન્માન કરેલ. ૧૦મા ધોરણની વિદ્યાર્થીની કુમારી દર્શના છેડા એ 'કરાટે' સ્પર્ધામાં સી.ડી.ઓ. સ્કૂલ તેમજ કર્નાટક રાજ્યને National Level પર Represent કરેલ. હરિફાઇમાં ચેન્નાઇની વિદ્યાર્થીની થી પરાજીત થયેલ. જબલપુરમાં યોજાયેલ કરાટે સ્પર્ધા માટે દર્શનાનું બહુમાન કરાયેલ. આપણી શાળાની વિદ્યાર્થીની કુમારી ક્ષીતી ઠક્કરને ભરત નાટ્યમ્ માં ''પ્રથમ પલ્લવ'' દોઢ કલાકનું નોન સ્ટોપ શૉ આપવા બદલ સન્માન કરાયેલ. NCC ઑફીસર AND II Officer ''શ્રીકાંત કરડી''નું સન્માન કરાયેલ. આપણી સ્કૂલના કેડેટસ્ ગદગ લેવલ પર ખૂબ જ પરફેક્ટ માર્ચ-પાસ્ટ કરવા બદલ appreciation મળેલ છે. શ્રીકાંત સરે ખૂબ મહેનત કરીને આ રીઝલ્ટ મેળવેલ છે. અભિનંદન.

શાળાના A.O. સુમિત્રા ચાફેકરે શાળાનો વાર્ષિક અહેવાલ વાંચેલ. સ્પોટર્સમાં એથેલેટીક્સમાં, ટેબલ ટેનીશમાં, શટલ બેડમિન્ટનમાં શાળાના વિદ્યાર્થીઓએ સ્ટેટ લેવલ સુધી પહોંચી સારો દેખાવ કરેલ.

કમિટી મેમ્બર શ્રી રાજેશ મણીલાલ છેડાનું સન્માન કરાયેલ. તેઓ શ્રી પરફેક્ટ અને નીટ પ્રીટીંગ, આયકાર્ડ બનાવવા, લેટરહેડ, કવર્સ, ડાયરી, સર્ટીફીકેટ અને મોમેન્ટો બનાવવામાં નીપુણ છે.

મુખ્ય અતિથી ડૉ. હીરાચંદભાઇ અને ઍડવોકેટ મૃદુલાબેનનું શાલ-બુકે થી સન્માન કરાયેલ અને એમને મોમેન્ટો અર્પણ કરેલ.

## શ્રી સી.ડી.ઓ. જૈન ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ, ગદગ
## ૧૧૫ મું વાર્ષિક સ્નેહ-મિલન તા. ૫-૬-૭ જાન્યુઆરી ૨૦૨૦

Science Exhibition માં હાલમાં ટુમકૂર માં કર્નાટક રાજ્યની શાળાઓની સ્પર્ધામાં આપણી શાળાને સર્વશ્રેષ્ઠ તરીકેનું બહુમાન મળેલ. આ "Smart Irrigation Project" માટે પ્રકાશ સર, કુમારી જ્યોતી અને સહનાનું સત્કાર કરાયું. તા. ૨૭ જાન્યુઆરીના ચેન્નઈમાં National Level Zonal Competition માટે આ ટીમ જશે. એમને All the Best !

તા. ૫ જાન્યુઆરીના કેજી થી ૩જી ધોરણ સુધી અને તા. ૬ જાન્યુઆરીના ૪ થી ૧૦ ધોરણ સુધીના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ મનોરંજન કાર્યક્રમો ખૂબજ સુંદર રીતે રજુ કરાયા. તેમાં સ્ત્રી શક્તિ, સ્વચ્છ ભારત અભિયાન, દેશ-પ્રેમ, ફેમિલી વ્હેલ્યુ, ગ્રીન ઇન્ડીયા, ઇતિહાસમાં અશોક સમ્રાટ, વિગેરે વિષયોને લગતા કાર્યક્રમો રજુ થયેલ.

તા. ૬ જાન્યુઆરીના ખૂબજ આકર્ષક ક્લાસીકલ પ્રેઝંટેશન એક કલાક માટે રજુ કરાયેલ. જેમાં મૈસુરના સુજય શાનબાગ ગુરૂ અને ટીમે લક્ષ્મી, સરસ્વતી, અંબાના નૃત્યો તેમજ અતિસુંદર એવું દુર્ગામાતા-રાક્ષસનો વધ કરે છે, તે પ્રસ્તુતી આકર્ષક રીતે રજુ કરેલ. ગુરૂ સુજય શાનબાગ અને ટીમનું સન્માન કરેલ.

તા. ૭ જાન્યુઆરીના ૧૧૫મા વાર્ષિકોત્સવ નિમીત્તે બપોરના ૧૨ વાગે કન્નડ સ્વાદિષ્ટ ''હોળગી'' (પૂરણપોળી)નું જમણ રાખેલ. જેમાં આપણી જ્ઞાતિના સર્વે પરિવાર સહીત, તેમ જ ગુજરાતી સમાજના સર્વે જ્ઞાતિજનો, ટીચર- સ્ટાફ પરિવાર સહીત અને ૧૦૦૦ વિદ્યાર્થીઓએ જમણવારનો લાભ લીધેલ.

એકંદરે કમિટી મેમ્બરો, ટીચર્સ, સ્ટાફ, શ્રી કચ્છી પાર્શ્વ મંડળ, ગુજરાતી મિત્ર મંડળના સુંદર સહયોગથી ખૂબજ આકર્ષક અને માહિતી સભર કાર્યક્રમ સંપૂર્ણ થયેલ.

અંતે આભાર વિધી Gathering Leader વેદા શાહે કરેલ.


*With Best Compliments from*

BLUE MOON GROUP

REAL ESTATE CONSULTANTS | INVESTMENT CONSULTANTS | INTERIOR DESIGN | TAX ADVISORS | ACCOUNTING SERVICES

TILAK SHAH
PARSHWANATH
ENTERPRISE PVT. LTD.
99309 82061 / 91672 44022
tilakshah60@yahoo.co.in
Veeran Shah - 99304 75442

CONTACT FOR
Buying, Selling or on Leave & Licence of Flats, Shops, Bunglows, Plots etc. anywhere in Mumbai including Sion, Matunga, Wadala, Dadar, Mulund & Thane.

AVANI YASHWIN
HAPPY IN THE HEAD STUDIO
HAIR CUTS • COLOUR • STYLING • MAKE UP
98196 22325
happyintheheadstudio@gmail.com

ADDRESS
Shop No. 1, B Wing, Mangal Kunj Bldg., Junction of 32 and 36 Road, National College Lane, Off Linking Road, Bandra (W), Mumbai - 400 050

## શ્રી અનંતનાથજી ટ્રસ્ટના ચૂંટાયેલા ટ્રસ્ટીશ્રીઓ વર્ષ ૨૦૨૦ થી ૨૦૨૫

**૧) ભરત વેરશી મુનવર (જીવાણી)**, જખૌ-ડોંબીવલી
**૨) ચેતન મેઘજી મોતા**, વારાપધર-ભાંડુપ
**૩) દેવેન્દ્ર શાંતિલાલ ધરમશી**, સુથરી-મુંબઇ
**૪) કુમાર બાબુભાઇ દંડ**, તેરા-ભાંડુપ
**૫) લોપા હિમાંશુ નાગડા**, જખૌ-વિક્રોલી
**૬) મનોજ દામજી લોડાયા**, બાંઢીયા-ભાંડુપ
**૭) નયન અશોક ભેદા**, વારાપધર-મુલુંડ
**૮) પારસ પદમસી મૈશેરી**, રાપરગઢવારી-ઘાટકોપર
**૯) રાજેશ રાયચંદ છેડા**, વારાપધર-મુલુંડ
**૧૦) સંજય રતીલાલ અજાણી**, કોઠારા-ઘાટકોપર
**૧૧) તેજલ રાજેશ શાહ (લોડાયા)**, મો. સિંધોડી-સાયન

## શ્રી મુંબઇ મહાજનની ચૂંટાયેલી વ્યવસ્થાપક સમિતિ વર્ષ ૨૦૨૦ થી ૨૦૨૫

**૧) અભય પદમશી ખોના**, સાંધવ-ભાંડુપ
**૨) શ્રીમતી અલ્પા (ચાંદની) પરેશ લાલકા**, લાલા-વાશી
**૩) અરવિંદ રાયચંદ લોડાયા**, દલતુંગી-ડોંબીવલી
**૪) ભરત વેરશી મુનવર (જીવાણી)**, જખૌ-ડોંબીવલી
**૫) ભાવિની મનીષ લોડાયા**, વારાપધર-મુલુંડ
**૬) ભુપેન્દ્ર લક્ષ્મીચંદ ડાઘા**, ગોએરસમા-ડોંબીવલી
**૭) ચેતન મેઘજી મોતા**, વારાપધર-ભાંડુપ
**૮) દેવેન્દ્ર શાંતિલાલ ધરમશી**, સુથરી-મુંબઇ
**૯) ધારિણી પ્રતાપ મોતા (શાહ)**, રાયધણજર-ભાંડુપ
**૧૦) દિનેશ રામજી લોડાયા**, સાંધવ-મુલુંડ
**૧૧) ગુલાબ ડુંગરશી ધરમશી (શાહ)**, સાંધાણ-મુલુંડ
**૧૨) ગુલાબ કલ્યાણજી મૈશેરી**, માંડવી-મુલુંડ
**૧૩) હરીશ ધનજી ડાઘા**, વરાડીયા-ભાંડુપ
**૧૪) જયેશ વિજય મોમાયા**, સાંયરા-માટુંગા
**૧૫) જીવરાજ ગોવિંદજી લોડાયા**, મોટી ખાવડી-થાણા
**૧૬) કલ્પેશ નિરંજન મોમાયા**, વરાડીયા-મસ્જીદબંદર
**૧૭) કાર્તિક નવીન મોમાયા**, સુથરી-મુલુંડ
**૧૮) કુમાર બાબુભાઇ દંડ**, તેરા-ભાંડુપ
**૧૯) લોપા હિમાંશુ નાગડા**, જખૌ-વિક્રોલી
**૨૦) મનિષા મિતેશ લાલકા**, બાંઢિયા-મુલુંડ
**૨૧) મનોજ દામજી લોડાયા**, બાંઢીયા-ભાંડુપ
**૨૨) મુકેશ ભવાનજી શાહ (લોડાયા)**, મો. સિંધોડી-ડોંબીવલી
**૨૩) મુકેશ હિરાચંદ શિયાલ**, જખૌ-વિક્રોલી
**૨૪) નયન અશોક ભેદા**, વારાપધર-મુલુંડ
**૨૫) પંકજ કેશવજી ધરમશી**, રંગપુર-મુલુંડ
**૨૬) પારસ પદમસી મૈશેરી**, રાપરગઢવારી-ઘાટકોપર
**૨૭) પરેશ નારાણજી ગોસર**, બાયઠ-ભાંડુપ
**૨૮) પ્રફુલ્લ ચીમનલાલ મોતા**, તેરા-ઘાટકોપર
**૨૯) રાહુલ સુરેશ મોતા**, ધ્રુફી-ડોંબીવલી
**૩૦) રાજેશ જયંતિલાલ લોડાયા**, મોટી ખાવડી-ભાંડુપ
**૩૧) રાજેશ રાયચંદ છેડા**, વારાપધર-મુલુંડ
**૩૨) રાજુલ ભદ્રેશ પટેલ**, સાંયરા-મુલુંડ
**૩૩) રોહિત તેજપાલ ધરમશી**, લાલા-મુલુંડ
**૩૪) સંદીપ નવીનચંદ્ર લોડાયા**, સાંધવ-મુલુંડ
**૩૫) સંજય રતીલાલ અજાણી**, કોઠારા-ઘાટકોપર
**૩૬) સરોજ લાલજી મુનવર**, જખૌ-ઘાટકોપર
**૩૭) તેજલ રાજેશ શાહ (લોડાયા)**, મો. સિંધોડી-સાયન
**૩૮) ટિના પુરવ ધરમશી**, મંજલ રેલડીયા-અંધેરી
**૩૯) વિણા વિજય નાગડા**, પરજાઉ-ગ્રાંટ રોડ
**૪૦) વિજય વસનજી સોની**, વાંકુ-ડોંબીવલી
**૪૧) વિપુલ કાંતીલાલ લોડાયા**, સાંધવ-ભાંડુપ
**૪૨) વિપુલ મણિલાલ પોલડીયા**, ડુમરા-ભાંડુપ
**૪૩) વિરચંદ નરશી લોડાયા**, રાપર ગઢવારી-મુલુંડ
**૪૪) વિરેન્દ્ર ભવાનજી લોડાયા**, નલીયા-મુલુંડ

## શિક્ષણ પ્રસારક સમિતિના બીનહરીફ ચુંટાયેલા ટ્રસ્ટી

**૧) હિનેશ ભવાનજી દેવશી લોડાયા**, વાંકુ-મુલુંડ



**શ્રી અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટી મંડળ,**
**મુંબઇ મહાજનની વ્યવસ્થાપક સમિતિ તથા શિક્ષણ સમિતિના ટ્રસ્ટી**
**તરીકે ચૂંટાયેલા સર્વે સભ્યોને ખૂબ ખૂબ અભિનંદન**



**પ્રકાશ સમીક્ષા સમિતિ**

# શ્રી કચ્છી દશા ઓશવાલ સેવક ભરૂડીયા અચલગચ્છ જૈન સંઘ

**સ્થાનિક કાર્યાલય :** સેવક ભરૂડિયા, પો. દલતુંગી, જી. જામનગર - ૩૬૧ ૨૮૦. ગુજરાત
**મુંબઈ કાર્યાલય :** C/o. ખુશ્બુ ડાયકેમ પ્રા. લિ., ગાલા નં. ૯૯, ન્યુ યુનીક ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
જવાહર ટોકીઝનો સામે, ડૉ. આર.પી. રોડ, મુલુંડ (વે), મુંબઈ-૪૦૦ ૦૮૦. ફોન : 2593 9696
Email : sevakbharudiyatrust@gmail.in • Website : www.sevakbharudiyatrust.in

## શ્રી ક.દ.ઓ. સેવક ભરૂડિયા અચલગચ્છ જૈન સંઘના ટ્રસ્ટ બોર્ડની ચૂંટણી

**સંઘના સર્વે સભ્ય ભાઈઓ-બહેનો જોગ,**

જય જિનેન્દ્ર,

આપણા ટ્રસ્ટના હાલના ટ્રસ્ટીઓની મુદત તા. ૩૧-૩-૨૦૨૦ સુધી છે. તા. ૧-૪-૨૦૨૦ થી ૩૧-૩-૨૦૨૫ના નવા ટ્રસ્ટીઓની ચૂંટણી કરવાનું આયોજન હાલના ટ્રસ્ટ બોર્ડએ નક્કી કર્યું છે. એ માટે આપણા સંઘના સભ્ય ડૉ. હિરેન જયંતીલાલ દંડ (B.E., M.Tech, Ph.D Head, Department of IT, M.C.C. College) ને ચૂંટણી અધિકારી તરીકે નિમણૂંક કરવામાં આવ્યા છે. એમની સલાહ મુજબ ચૂંટણીનો કાર્યક્રમ નીચે મુજબ રહેશે.

### ચૂંટણી કાર્યક્રમ

| | | |
|---|---|---|
| ઉમેદવારી પત્રક મેળવવાનું | : | મુંબઈ કાર્યાલય તા. ૧-૨-૨૦૨૦ થી તા. ૭-૨-૨૦૨૦ |
| ઉમેદવારી પત્રક ભરીને પાછા આપવાની અંતીમ તારીખ | : | તા. ૧૪-૨-૨૦૨૦ સાંજે ૫.૦૦ વાગ્યા સુધી |
| ઉમેદવારી પત્રકોની ચકાસણી | : | બુધવાર, તા. ૧૯-૨-૨૦૨૦ |
| ઉમેદવારી પત્રક પાછા ખેચવાની છેલ્લી તા. | : | તા. ૨૩-૨-૨૦૨૦ સાંજે ૫.૦૦ વાગ્યા સુધી |
| મતદાનની તારીખ | : | રવિવાર, તા. ૧-૩-૨૦૨૦ |
| મતદાનનો સમય | : | બપોરે ૨.૦૦ વાગ્યાથી સાંજે ૪.૩૦ વાગ્યા સુધી |
| મતદાનનું સ્થળ | : | શેઠશ્રી વીરજી લધાભાઈ મેપાણી હૉલ, દેવપુંજ, શિશુકુંજ હૉલની પાછળ, વાલજી લધાભાઈ રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦. |

ચૂંટણી નિમિત્તે શ્રી સંઘ તરફથી અલ્પહારની વ્યવસ્થા સાંજે ૫.૦૦ થી ૬.૩૦ વચ્ચે રાખવામાં આવેલ છે.

### અગત્યની સૂચના :

૧) જેમની ઉંમર તા. ૨૯-૨-૨૦૨૦ના રોજ ૨૫ વર્ષથી વધારે છે તેઓ ટ્રસ્ટી બનવા ઉમેદવારી કરી શકશે. બંધારણ કલમ ૭ (ખ).

૨) ઉમેદવારી કરનાર સભ્યે સંઘનું બાકી રહેતું લેણું ભર્યા પછી જ ઉમેદવારી કરી શકશે. બંધારણ કલમ ૧૦ (જ)

૩) જેમની ઉમર ૧૮ વર્ષની ઉપર હોય તેઓ જ મતદાન કરી શકશે. બંધારણ કલમ ૬

૪) સંજોગોવસાત ચૂંટણી પ્રક્રિયા ન થઈ શકી તો એજ દિવસે વિશેષ સામાન્ય સભા બોલાવી ટ્રસ્ટીઓની નિમણુંક કરવામાં આવશે.

**ખાસ નોંધ :** ટ્રસ્ટ બોર્ડની ચૂંટણી માટે આપનો મત અધિકાર અને મત આપવાની આપની ફરજ ને અવશ્ય દિપાવશો.

**મુખ્ય ચૂંટણી અધિકારી : ડૉ. હિરેન જયંતીલાલ દંડ**

**એજ લી. શ્રી ક.દ.ઓ. સેવક ભરૂડીયા અચલગચ્છ જૈન સંઘ વતી ટ્રસ્ટીગણ**

## શ્રી સંજય રતીલાલ અજાણી (કોઠારા – ઘાટકોપર)



પ્રકાશ સમીક્ષાના તંત્રી મંડળે આપણી જ્ઞાતિની સેવા સંસ્થાઓના પ્રથમવાર ટ્રસ્ટી તરીકે ચુંટાયેલા જ્ઞાતિજનોની મુલાકાત પ્રસિધ્ધ કરવા વિચાર્યું છે, એનો પ્રારંભ કરતા ઉત્સાહિત તથા સમર્પિત યુવાન કાર્યકર્તા શ્રી સંજય રતીલાલ અજાણી – કોઠારા (ઘાટકોપર) સાથે થયેલી ટેલિફોનિક વાતચીતનો અંશોને પ્રકાશિત કરીશું. તેઓશ્રી તાજેતરમાં યોજાયેલી શ્રી અનંતનાથજી ટ્રસ્ટની ચુંટણીમાં ટ્રસ્ટી તરીકે ચુંટાઇ આવ્યા છે.

**પ્ર.સ. : સંજયભાઇ, આપ અનેક વર્ષોથી મુંબઇ મહાજનની કમિટીમાં સભ્ય છો, પરંતુ શ્રી અનંતનાથજી ટ્રસ્ટ ચુંટણી અગાઉ ક્યારે લડ્યા નથી, તો આ વખતે આપે ચુંટણીમાં કેમ ઝુકાવ્યું ?**

**ઉત્તર :** આ વખતે શ્રી અનંત યુવા શક્તિ ટીમની ઇચ્છા મુજબ મેં આ ચુંટણીમાં ઉમેદવારી નોંધાવી હતી.

પ્ર.સ. : આપે ટ્રસ્ટ ડીડ (બંધારણ) વાંચ્યુ છે ?

ઉત્તર : હા, મેં બંધારણને પુરેપુરૂં વાંચ્યું છે. ઇ.સ. ૧૯૪૫માં ઘડાયેલા બંધારણમાં આજની પરિસ્થિતિ મુજબ ઘણાં સુધારા–વધારા જરૂરી જણાય છે.

**પ્ર.સ. : ટ્રસ્ટના વર્ષ ૨૦૦૮-૦૯ થી ૨૦૧૭-૧૮ સુધીના ૧૦ વર્ષના હિસાબો ઇ.સ. ૨૦૧૮ની મુંબઇ મહાજનની સામાન્ય સભામાં મંજુરી માટે રજુ કરવામાં આવ્યા હતા. તમને નથી લાગતું કે વાર્ષિક હિસાબ દર વર્ષ મંજુરી માટે રજુ કરવા જોઇએ ?**

**ઉત્તર :** હિસાબો દર વર્ષે મુંબઇ મહાજનની સામાન્ય સભામાં મંજુરી માટે રજુ કરવા જ જોઇએ એમાં કોઇપણ વિલંબ ન થવો જોઇએ.

**પ્ર.સ. : તમને જાણ છે કે શ્રી અનંતનાથજી ટ્રસ્ટ પાસે વધુ ભંડોળ નથી ? તમે તે અંગેની વિગતો જોઇ છે ?**

**ઉત્તર :** હા, મેં તે વિગતો જોઇ છે. ટ્રસ્ટ પાસે સારી એવી રકમનું ભંડોળ ફીક્સ ડીપોઝીટ સ્વરૂપે છે જેના વ્યાજમાંથી અનેક કાર્યો થઇ રહ્યા છે.

**પ્ર.સ. : ટ્રસ્ટી તરીકે આપનું ધ્યેય શું છે ?**

**ઉત્તર :** હું વ્યવસ્થાને સરળ કરવા માંગુ છું. જ્યારે હું ગૃહ ઉદ્યોગ કમિટીનો પ્રમુખ હતો ત્યારે નુકશાન કરી રહેલા ગૃહ ઉદ્યોગને મહાજન તથા કર્મચારીઓ માટે નફાકારક બનાવ્યું હતું. તે ઉપરાંત મધ્યસ્થ રીતે ખરીદી કરવી, ખર્ચમાં ઘટાળો, જેવા કાર્યો કર્યો હતો. મારા સંચાલકીય સમય દરમ્યાન કર્મચારીઓને નોંધનીય પગાર વધારો તથા ગૃહ ઉદ્યોગના દરેક કર્મચારીને રૂા. ૫૦૦૦૦/-ની ફીક્સ ડિપોઝીટ આપી હતી.

હું ટ્રસ્ટમાં આવશ્યક બંધારણીય સુધારા તરફ ધ્યાન આપીશ તથા ટ્રસ્ટની મિલકતોનો યોગ્ય ઉપયોગી વહીવટ થાય તેવું તથા દરેક મિલકતોની યથાયોગ્ય પરિપુર્ણ માહિતી એકત્રિત થાય જેથી દરેક બાબત પારદર્શી બને એવું હું ઇચ્છું છું.

આપણી જ્ઞાતિને માઇનોરીટી તરીકે મળતા સરકારી લાભો વિશે જાગૃતિ આવે તથા ક.દ.ઓ. જ્ઞાતિજનોને તે બધા લાભો મળે એ માટે પ્રયાસ કરવાની ઇચ્છા છે.

શ્રી સંજયભાઇને મુંબઇ મહાજન તથા જી.વી.સી. સંઘમાં કામ કરવાનો બહોળો (૧૫ વર્ષ) અનુભવ છે. તથા જી.વી.સી. ના પદાધિકારી તરીકે તેમણે ઘાટકોપર – વિદ્યાવિહાર–ચેમ્બુરના જ્ઞાતિજનો માટે ઘણું બધું કાર્ય કર્યું છે. મને ખાત્રી છે કે સંજયભાઇ તેમના લક્ષ્યોની પરિપૂર્ણતા માટે જહેમત ઉઠાવશે.

**– ડૉ. હિરાચંદ દંડ**


|| જયશ્રી અંબેમા ||

**શ્રી કોઠારા ગામે જિનાલયની બાજુમાં**
**શ્રી અંબે માને નમતા ધરમશી પરિવાર**

**શ્રી અંબે માની ગંધી (ધોત) બદલવાનું તથા પહેડી પ્રસાદ**

**તા. ૧૯-૦૪-૨૦૨૦ ચૈત્રવદ ૧૨ સવારના ૯ કલાકે**
રાખેલ છે તો સર્વે નમતા ભાવિકોને પધારવા ભાવભર્યું આમંત્રણ.
તમે કેટલા જણ આવશો તે જણાવશોજી.

**લી. જયેશ જૈન – 98201 41761**

**ભોઇમાં જયાબાઇ લખમશી ધરમશીના જય માતાજી**


### નિવેદન

ક.દ.ઓ. સમાજની સેવા સંસ્થાઓમાં પ્રથમ વખત ટ્રસ્ટી તરીકે ચુંટાયેલા જ્ઞાતિજનોએ પોતાનો મોબાઇલ નંબર, ઇમેઇલ આયડી મોકલવા વિનંતી. જેથી તેમની ટેલિફોનિક મુલાકાત લઇ શકાય. **– તંત્રી મંડળ**

॥ શ્રી આદિનાથાય નમ : ॥ ॥ શ્રી શાંતિનાથાય નમ : ॥ ॥ શ્રી મહાવીરાય નમ : ॥

॥ શ્રી આર્ય-કલ્યાણ-ગૌતમ-નીતિ-દાન-નેમ-ગુણ-ગુણોદય-કલાપ્રભ-કવીન્દ્ર-વીરભદ્ર-મહોદયસાગરસૂરિ સદ્‌ગુરુભ્યો નમો નમ : ॥

અચલગચ્છીય આચાર્ય ભગવંતોની દિવ્યકૃપા, તારક આજ્ઞા અને શુભાશિષ થી






# પારોલા નગરે...શ્રી શાંતિનાથદાદાની છત્રછાયામાં...

## આગમ દિવાકર પ.પૂ.આ.ભ. શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની પાવન નિશ્રામાં

## ચૈત્ર માસની શાશ્વતી ઓળી કરવા પધારવા

# ભાવભર્યું આમંત્રણ

**તા. 30-3-૨૦૨૦ થી ૭-૪-૨૦૨૦**





**: આરાધનાનો અમૃત કુંભ :**

- ૧૬૦ વર્ષ પ્રાચીન શ્રી શાંતિનાથ દાદાની ત્રિકાલ પ્રભુભક્તિ - સમૂહ દેવવંદન
- રોજ પ.પૂ. આ.ભ.ના નવપદજીના અત્યંત મનનીય રોચક પ્રવચનો
- રોજ બપોરે પૂજ્યશ્રી દ્વારા સામૂહિક ભાષ્ય જાપ
- રોજ સિધ્ધચક્રની સમૂહ આરાધના
- અચલગચ્છ સામાચારી મુજબ રોજ બંને ટાઈમ સમૂહ પ્રતિક્રમણ
- રોજ સ્નાત્રપૂજાની રમઝટ

કરી ચૈત્રી ઓળી,
જે છે ભવસમુદ્રમાં હોળી

**ચૈત્રી ઓળીના મુખ્ય લાભાર્થી :**

પૂ. મુનિશ્રી ધર્મરત્નસાગરજી મ.સા.ની ષષ્ઠી પૂર્તિ નિમિત્તે-
માતુશ્રી હંસાબેન વીરજી વેરસી દેઢિયા પરિવાર (ભુજપુર-મલાડ)

(વિશેષ નિમિત્ત :)
સ્વાધ્યાય પ્રેમી પ.પૂ. મુનિશ્રી
ધર્મરત્નસાગરજી મ.સા.ની
ષષ્ઠી પૂર્તિ

**સહાયક લાભાર્થી :**

| | | |
|---|---|---|
| શ્રી અંબરનાથ ક.વિ.ઓ. જૈન સંઘ | માતુશ્રી લેખાબેન ધનપતિ કુંવરજી મોમાયા<br>બારોઈ - જલગાંવ | શ્રીમતી રેખાબેન દેવચંદ ગાલા પરિવાર<br>ઉનડોઠ - બોરીવલી |
| માતુશ્રી હાંસબાઈ મેઘજી મામણીયા<br>હ. શ્રીમતી વર્ષાબેન વસંતલાલ મામણીયા પરિવાર<br>પુનડી - બોરીવલી | માતુશ્રી રૂપાબેન કલ્યાણજી આસપન છેડા પરિવાર<br>ઉનડોઠ - મલાડ | માતુશ્રી ભમલબેન પદમશી પૂંજાભાઈ પીર<br>સુથરી - ડોંબીવલી |

**ખાનદેશના આરાધકો**એ પોતાની નીચે મુજબની વિગત **દિલીપભાઈ** (શ્રી પારોલા તીર્થના મેનેજર)- 94216 35249 વોટ્સએપ નં. ઉપર તેમજ **મુંબઈના આરાધકો**એ (૧૦૩, મેઘરત્ન બિલ્ડીંગ, દેરાસર લેન, ઘાટકોપર (ઈ) કાર્યાલય) **નીતીનભાઈ** - પાસે ફોર્મ ભરીને પહોંચાડવું.



## આરાધક પ્રવેશ ફોર્મ

નામ : ______________________ ઉંમર : __________

ગામ : ______________________ મોબાઈલ નં. __________

હાલનું સરનામું : ______________________________

______________________________

## આરાધકો માટેના સૂચનો :

- ફોર્મ પરત કરવાની **તા. ૩૦-૧-૨૦૨૦.** ત્યારબાદ ફોર્મ સ્વીકારવામાં આવશે નહી.
- મર્યાદિત સંખ્યા લેવાની હોવાથી ફોર્મ વહેલા તે પહેલા ના ધોરણે સ્વીકારવામાં આવશે.
- પારોલા તીર્થમાં આવવા-જવાની વ્યવસ્થા યાત્રિકોએ જાતે કરવાની રહેશે.
- આરાધકોએ **તા. ૨૯-૩-૨૦૨૦** નાં પારોલા પહોંચવુ તેમજ પાછા આવવાની ટીકીટ **તા. ૮-૪-૨૦૨૦** ની કઢાવવી.
- ફોર્મ સાથે રિફંડેબલ ડીપોઝીટ **રૂા. ૫૦૦/-** જમા કરાવવી.
- બસ દ્વારા : **મુંબઈ-જલગાંવ** લક્ઝરી બસમાં **પારોલા** ઉતરવું.
- ટ્રેન દ્વારા : ટ્રેન નં. 19003 - **ખાનદેશ એક્સપ્રેસ** રાત્રે ૧૨.૨૦ વાગે બાંદ્રા ટર્મિનસ થી ઉપડે છે.
(ટીકીટ તા. ૨૯-૩-૨૦ ની કઢાવવી) **અમલનેર સ્ટેશને** ઉતરવું. ત્યાંથી **પારોલા તીર્થ** માટે શેરે રીક્ષા મળે છે.
- **અમૃતસર એક્સપ્રેસ** રાત્રે ૧૧.૦૦ વાગે CST થી ઉપડે છે. **ધુલિયા સ્ટેશને** ઉતરવું
ત્યાંથી **પારોલા** જવા માટે બસ મળે છે.

**: આયોજક :**

શ્રી પારોલા ક.દ.ઓ. શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ - પારોલા

**: સહયોગ :**

શ્રી આર્યરક્ષિત જૈન ધર્મરક્ષક સંઘ - મુંબઈ

**સંપર્ક સૂત્ર :**

**ગોવિંદજી નેણશી સોની** - 99234 67640
**પરેશ પ્રેમજી ગાલા** - 98210 56401
**અશોક સાવલા** - 93212 49825
**ધનપતિભાઈ મોમાયા** (જલગાંવ) - 94231 85716
**પીયુષભાઈ દાગા** (નાસિક) - 94239 74034

RUJUTA AD./ 98213 30432

## લિ. શ્રી આર્યરક્ષિત જૈન ધર્મરક્ષક સંઘ - મુંબઈ

૧૦૩, ગુણભારતી કાર્યાલય, મેઘરત્ન, દેરાસર લેન, ઘાટકોપર (ઈ), મુંબઈ-૪૦૦ ૦૭૭. ફોન : 2501 1788

## આ અબ લૌટ ચલેં - ૨

**- પ્રવીણ લોડાયા,** વડોદરા

વડોદરાના સીએ ચંદ્રેશ છેડાએ નલિયા સંમેલન પહેલા જ્ઞાતિ હિતાર્થે એક સુંદર લેખ લખ્યો હતો. પણ કોઇનું ધ્યાન એના પર ગયું નહીં નહીંતર સંમેલનમાં આ ટોપીક ઉપર ચર્ચા થાત. પણ જ્ઞાતિના આવા સદ્ભાગ્ય ક્યાં!

એમણે પદમ નાગડાની જેમ ડાટા કાઢીને વિશ્લેષણ કર્યું હતું કે આ એકવીસમી સદીમાં ૮૦% કપલ્સ ૧ જ બાળકને જન્મ આપશે એટલે ૧ કપલ ઉપર ૪ વડીલોની જવાબદારી આવશે એ નક્કી જ છે. ત્યારે આટલા બધા સિનિયર સીટીઝનની સંભાળ રાખવા શું આપણે ઘરડાઘર ઉભા કરીશું ?

જો એવું કરવું હશે તો ખૂબજ મોટું મુડી રોકાણ જોઇશે જે ઉભું કરવું મુશ્કેલ કાર્ય છે. અને ઘણા તિલકચંદ ઊભા કરવા પડશે ત્યારે જરૂરિયાત મુજબ ''જીવનસંધ્યા'' ઊભા કરી શકાશે. એ માટે તેમણે પ્રેક્ટીકલ અને પોસીબલ થાય એવો રસ્તો બતાવ્યો છે.

૧) કચ્છના આપણા ગામના ગામ આજે ખાલી પડ્યા છે. પ્રાયોગિક ધોરણે કચ્છના ૨-૫ ગામમાં આ ઘર માલિકોને કન્વીન્સ કરી વગર ભાડે ઘર મેળવી શકાય અને એનો ઉપયોગ ૫૦-૭૫ વડીલોને રાખવા માટે થઇ શકે.

૨) આ વડીલોની ખાવા-પીવાની વ્યવસ્થા ગામની મહાજનવાડી - ભોજનશાળામાં કરવામાં આવે.

૩) કોઇ વડીલ સક્ષમ હોય તો ઠીક અન્યથા જ્ઞાતિ લેવલે ફંડ ઊભું કરવામાં આવે.

૪) વડીલો પોતાની ચોઇસ મુજબ ભોજનશાળા, પાંજરાપોળ, દેરાસરજી, ઉપાશ્રય, વહિવટી કાર્યમાં કાર્ય કરી શકશે.

૫) આપણા ગામોમાં આ રીતે વસતી થશે તો ગામના બીજા વડીલોને પણ કચ્છમાં રહેવાની ઇચ્છા થશે.

૬) બંધ મકાનો ખંડેર બની રહ્યા છે તે વપરાશને કારણે સચવાશે પણ ખરા.

આવા સુંદર સુચનો કરનાર સીએ ચંદ્રેશ છેડા નાસીપાસ ના થાય તો શું થાય ? આવી જ રીતે વર્ષો પહેલા કે.ડી.ઓ. ક્લાસિકમાં પણ આ વિષય ઉપર શ્રીમાન શાંતિલાલભાઇ શિયાડ અને શ્રીમાન મણિકાંતભાઇ ધુલ્લા અને સાથીઓએ વિચારણા કરેલી.

કે.ડી.ઓ. ક્લાસિકનો આ વિચાર વર્ષો પછી ફરી ફરતો થયો. કોઇ પણ વિચાર એક વખત કોઇના મગજમાં આવે તો ક્યારેક જરૂર એને મૂર્ત સ્વરૂપ મળે મળે ને મળે જ. કદાચ હવે સમય આવ્યો હોય એને મૂર્ત સ્વરૂપ મળવાનો.

કારણ કે જ્ઞાતિના બીજા સીએ નરેશ ભવાનજી શાહે (નલિયા-મુંબઇ) હવે ફરી આ વિચારને વહેતો મૂક્યો છે. તેઓ કહે છે કચ્છના ગામે-ગામ આપણી જ્ઞાતિની વસતી ઘટતી જાય છે. જ્યારે નવા દેરાસરજી, અતિથિગૃહો બંધાતા જાય છે ત્યારે ચિંતા એ થાય છે કે જ્યાં જુના સાચવવામાં તકલીફ થઇ રહી છે, ત્યાં આ નવા બંધાતા દેરાસરજીઓને સાચવશું કેવી રીતે ?

એ દિવસ બહુ દૂર નથી કે આપણા ઐતિહાસિક ધરોહરો સાચવવા ભાડાથી બહારની એજન્સીઓને બોલાવવી પડે. એટલે જ આ મહત્વનો મુદ્દો સંમેલનમાં ચર્ચાવો જોઇતો હતો.

હમણા હું ત્રણ અઠવાડીયા કચ્છ હતો ત્યારે નાદુરસ્ત તબીયત હોવા છતાં અમુક ગામના દેરાસર, જ્યાંના મેં દર્શન કર્યા ન હતા ત્યાં ગયો ત્યારે ત્યાંની હાલત જોઇને આઘાત લાગ્યો. ત્યારે મને ચંદ્રેશભાઇના લેખની યાદ આવી તેમાં નરેશભાઇનો પત્ર વાંચવામાં આવ્યો ત્યારે હાશ થઇ કે મારા જેવા વિચારનારા જ્ઞાતિમાં હજી છે ખરા.

આગળ નરેશભાઇ કહે છે બીજી બાજુ મુંબઇમાં અને દેશાવરમાં અમુક ગામ એવા છે જ્યાં જ્ઞાતિજનોને રહેવા પણ કેટલી મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને વિઠ્ઠલવાડી, ડોંબીવલી, ગાંધીધામનું ભારતનગર વિગેરે વિગેરે. મને લાગે છે કે આ બધાને કચ્છના ગામોમાં આપણે સારી ફેસીલીટી આપી શકીએ.

જો કે.ડી.ઓ. ક્લાસિક જેવી સંસ્થાઓ આગળ પડતો ભાગ લે અને લગામ પોતાના હાથમાં લે તો બધા મહાજનો અને સંસ્થાઓ ભેગા મળીને નક્કર કાર્ય કરી શકશે અને આ યોજનાને મૂર્ત સ્વરૂપ આપી શકાશે એમાં શંકાને કોઇ સ્થાન નથી.

વોટસએપ ઉપર પણ કચ્છના એક ભાઇ કિશોર ચંદનનો એક મેસેજ વાઇરલ થઇ રહ્યો છે કે તેઓ પણ કચ્છના બધા ભાઇઓને આવ્હાન કરે છે કે કચ્છ પાછા આવો. આપણે બધા મળીને કોઇ રસ્તો જરૂર કાઢશું. એમણે પોતાનો મોબાઇલ નંબર પણ એમાં આપ્યો છે કે કાંઇ પણ મદદ જોઇતી હોય તો મને ફોન કરો. સરકારી સબસીડીઓ અને લોનોનો, યોજનાઓનો ફાયદો ઉઠાવો.

ખરેખર પોલ્યુશન યુક્ત વાતાવરણમાંથી બહાર નિકળવું હોય તો જ્ઞાતિના વૃધ્ધોએ કચ્છમાં વસવાટ કરવો જોઇએ. જે છેલ્લા દસ-વીસ વર્ષ રહ્યા છે તે આનંદથી જીવાય. હવે તો ગામેગામ ૧૦૮ એમ્બ્યુલન્સની સગવડ થઇ

ગઇ છે. એટલે ડૉક્ટર મળશે કે નહીં, તેની પણ ચીંતા નથી.

આપણા સંતાનોને પણ મુક્ત વાતાવરણ મળે. બે રૂમ રસોડામાં તેઓ પણ ઉચાટ વગર જીવી શકે. કચ્છમાં આવ-જાવ વધી જાય. ધીમે ધીમે ધંધા રોજગાર પણ વધે. કદાચ વર્ષો જુની રોનક આવે. કુદરત પણ ભુકંપ પછી અબડાસા ઉપર મહેરબાન છે.

શાસ્ત્રોમાં એક વાત આવે છે કે, માછલી, પક્ષી અને કાચબો પોતાના બાળકોને દૂધ પીવડાવતા નથી, તેમ છતાં તેમનો ઉછેર કરે છે. આપણે બહુ સુંદર રીતે બાળકોનો ઉછેર કરેલ છે. હવે જરૂર છે એમને મુક્ત શ્વાસ લેવા દેવાનો. તેઓ પણ આપણા માટે બનતું બધું કરી છુટશે એટલો વિશ્વાસ તેમના ઉપર ના હોય તો આપણું જીવન વ્યર્થ છે. માટે મન મક્કમ કરીને કચ્છ તરફ પ્રયાણ કરો અને આનંદ-મંગલથી જીવો. જય કચ્છ.

**વિશેષ નોંધ :** પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **– તંત્રી મંડળ**

## ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ

જન્મ
૧૫-૧૧-૧૯૩૭
મુંબઈ



અરિહંત શરણ
૧૭-૦૧-૨૦૧૯
મુંબઈ

### સ્વ. શ્રી ચંદ્રકાન્ત ધનજી ધરમશી

**કચ્છ-સુથરી**

આપની વસમી વિદાયને પુરો એક મહિનો થયો. આપનો કુટુંબ પ્રેમ, માયાળુ પરંતુ હિંમતવાન સ્વભાવ, વ્યવહાર કુશળતા બહુજ યાદ આવે છે. આપના દિવંગત આત્માને ભાવભરી માસિક શ્રદ્ધાંજલિ અર્પિત કરીએ છીએ. આપનો દિવ્ય આત્મા પરમપદ પામે એવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના.

**ગં. સ્વ. ગુણવંતી ચંદ્રકાન્ત ધરમશી**

**યોગીની સુનીલ મૈશેરી** — **ભાવેશ ચંદ્રકાન્ત ધરમશી**
**પ્રિતી પ્રદિપ લોડાયા** — **પ્રાપ્તિ ભાવેશ ધરમશી**
**ઇમ્પલ મહેશ પનપારિયા** — **ગુંજ - મેહેર**

**વૈભવ - શૌર્ય - હેતલ - પ્રણવ - પાયલ - મહેક**

ટ્રસ્ટ રજી. નં. E-326 Dt. 30-10-1967 સ્થાપના : તા. ૨૩-૧૦-૧૯૬૬

## + શ્રી કોઠારા સાર્વજનિક દવાખાના ટ્રસ્ટ +

કોઠારા, તા. અબડાસા, કચ્છ. પીન કોડ-૩૭૦ ૬૪૫.
ફોન : (૦૨૮૩૧) ૨૮૨૨૪૦
**મુંબઇ ઓફીસ :** C/o. મેસર્સ કે. એન. અજાણી, ૧૩૭, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, મુંબઇ-૪૦૦ ૦૦૩. ફોન : ૨૩૪૦ ૦૨૫૧



### શ્રીમતી ઇન્દુમતી માણેકજી અજાણી (કોઠારા)

શ્રીમતી ઇન્દુમતી માણેકજી અજાણી ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી શ્રી કોઠારા સાર્વજનિક દવાખાના ટ્રસ્ટને ડીજીટલ પેથોલોજી લેબના મશીન માટે **રૂા. ૫,૦૧,૧૧૧/- (અંકે રૂા. પાંચ લાખ એક હજાર એકસો અગિયાર પૂરા)**નું માતબર અનુદાન આવેલ તે બદલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ શ્રી નલીન કેશવજી અજાણી, શ્રી દિનેશ લાલજી અજાણી (લોડાયા) અને શ્રી કીરીટ ભવાનજી અજાણીનું હાર્દિક આભાર વ્યક્ત કરતા ગૌરવવંતા થયા છીએ. ઉપરોક્ત સાર્વજનિક દવાખાનામાં દસ લાખના ખર્ચે ડીજીટલ એકસરે મશીન બેસાડવામાં આવેલ છે. જેના માટે દસ લાખનો એક અથવા પાંચ લાખના બે અથવા અઢી લાખના ચાર દાતાઓ આવકાર્ય છે. ડોનેશન આપનાર દાતાશ્રીનું નામ ગ્રેનાઇટની તક્તી ઉપર કંડારવામાં આવશે.

**લી.**

**શ્રી કોઠારા સાર્વજનિક દવાખાના ટ્રસ્ટના ટ્રસ્ટીઓ**

**નોંધ :** ઉપરોક્ત દવાખાનામાં શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિના કોઇપણ જ્ઞાતિજનને દવા-એક્ષરે-પેથોલોજી ટેસ્ટ શ્રી કે.ડી.ઓ. ક્લાસિક ફાઉન્ડેશન તરફથી નિઃશુલ્ક (FREE) કરી આપવામાં આવે છે તે બદ્દલ દવાખાના ટ્રસ્ટ આભાર સહ અભિનંદન વ્યક્ત કરે છે.

# ''જૈન ધર્મ મારી દ્રષ્ટિએ...'' મણકો-૬

**લેખક : સોમ ધરમશીં, મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭**

**ના જાને સાહબ કૈસા હૈ ?**
**મુલ્લા હોકર બાંગ જો દેવે ।**
**ક્યા તેરા સાહબ બહરા હૈ ?**
**કીડી કે પાંવ નેવર બાજે,**
**સો ભી સાહબ સુનતા હૈ ॥**
**માલા ફેરી, તિલક લગાયા**
**લમ્બી જટા બઢાતા હૈ ।**
**અંતર તેરે કુફ્ર કટારી**
**યોં નહિ સાહબ મિલતા હૈ ॥**

કબીર બાહ્ય હકીકતને નહીં પણ અંદરનાં સત્યને ઈશ્વર માને છે. કબીર ઈશ્વરને સાહેબ કહે છે. રામ, શ્યામ, અલ્લાહ કે મહાવીર એવું કશું નહીં. એમનામાં ભાવ અને તાત્ત્વિક વિચારોનું સંમિક્ષણ છે. એ કોઈ ધર્મમાં માનતા નહીં. તેમણે પણ ઈશ્વરની અથાગ શોધ કરી ધર્મ પામવાની કોશિશ કરી પણ અસફળ રહ્યા. તેથી જ તેઓએ ઘણી બધી સાકીઓ પોતાના જીવન અનુભવ પરથી લખી. ઈશ્વર તો ના મળ્યો પણ સરળતાથી જીંદગી જીવવાનો રાહ મળ્યો અને તેને જ તેઓ ધર્મ માનતા.

મોટા ભાગનાં માણસોને હું કેટલો ધાર્મિક છું એનો દેખાડો કરવામાં રસ છે. અહિં અખા ભગતની એક કવિતા યાદ આવે છે.

**એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ,**
**પાણી દેખી કરે સ્નાન, તુલસી દેખી તોડે પાન;**
**એ અખા વડું ઉતપાત,**
**ઘણા પરમેશ્વર એ ક્યાંની વાત ?**

માળા ફેરવવાથી શું વળે ? આ તો એક યાંત્રિક ગતિ છે. માળા ફરે છે, પણ ચૈતન્યમાં કશુંય પરિવર્તન થાય છે? લલાટ પર તિલક કરીએ પણ ચિત્ત બેચેન હોય. બહારના ચંદનના તિલક મનને ધીરજ, શાતા કે શાંતિ ન આપી શકે. લાંબી જટા વધારો એનાથી નથી આતમજ્ઞાનની વૃદ્ધિ કે સમૃદ્ધિ.

આવા અનુભવ અનેકને થયા છે તેથી આ બધી ધાર્મિક ક્રિયાઓ કરવાથી નથી ઈશ્વરની પ્રાપ્તિ થતી, નથી ધર્મ પામાતો, આપણે જે બધી ક્રિયાઓને ''ધર્મ'' માનીએ છીએ તે બીજું કાંઈ પણ હોઈ શકે પણ ધર્મ તો નથી જ.

અહીં મને એક પ્રસંગ યાદ આવે છે. એક સમૂહ લગ્ન વખતે મેં ગોરજીને પૂછ્યું ''આ ચોરીને ચાર ફેરા જ શું કામ ફરવામાં આવે છે ? પહેલા ત્રણ ફેરામાં કન્યા આગળ અને વર પાછળ, છેલ્લા ફેરામાં વર આગળ ને કન્યા પાછળ. આમ કેમ ?''

ઘણા ગોરજી આનો સંતોષકારક જવાબ આપી શક્યા નહીં. પણ એક વયોવૃદ્ધ ગોરજીએ કહ્યું કે ''આ ચાર પુરુષાર્થ છે, ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. કન્યા ત્રણ ફેરામાં આગળ ચાલી વરને કહે છે કે હું તને ધર્મ, અર્થ અને કામમાં સાથ આપીશ. તેથી ચોથા ફેરામાં આપણને મોક્ષ પ્રાપ્ત થશે.

માનવને જીવનમાં કરવા યોગ્ય કામ કરવા જ પડે. જીવનમાં કોઈ કર્મ કર્યા વિના રહી શકતો નથી, તેવું સ્પષ્ટ હોવાથી આવા તમામ કર્મો આત્માના સત્યને સાથે રાખીને વિવેકમાં સ્થિર થઈને પોતાની પરમ ચેતનાની જાગૃતતાપૂર્વક કરવા તેનું નામ ધર્મ છે.

**ધર્મ :-** ધર્મ શબ્દનો અર્થ અનેકવિધ અને અટપટો છે, એટલે આત્માનાં સત્ય પ્રમાણે વિવેકમાં સ્થિર થઈને જીવનમાં ચાલવું તેનું નામ ધર્મ છે, આનાથી વિપરીત એ બધુ જ અધર્મ છે એમ જાણવું જ યોગ્ય છે.

ધર્મ શબ્દ ધૃ ધાતુમાંથી નિકળેલ છે. જેનો અર્થ છે વસ્તુને ધારણ કરનાર, અને હસ્તીમાં ટકાવી રાખનાર. આપણે આત્મા દ્વારા ટકેલા છીએ અને સ્વભાવને ધારણ કરેલ છે. માટે જ સ્વભાવમાં સ્થિર થઈને આત્મામાં સત્ય પ્રમાણે જીવન જીવવું એજ ધર્મ. આ અંતિમ ધર્મનો સિદ્ધાંત છે.

માનવ ચિત્તનું બંધારણ જ એવું છે, કે તે આ જીવન અને સૃષ્ટિના કોયડાઓ ઉકેલવા સતત પ્રયત્ન કર્યા જ કરે છે, જીવનની આ જિજ્ઞાસા જ ધર્મના તત્ત્વ જ્ઞાનની જનની છે.

માનવ જાતે સમજી લેવા જેવી સ્પષ્ટ હકિકત એ છે કે માનવીય જીવન સુખની શોધ નથી, પણ જીવનમાં આત્માના સત્ય સ્વરૂપ થઈને અધ્યાત્મનાં માર્ગે પરમાત્માની શોધ છે.

(આ લેખ તૈયાર કરવામાં પુસ્તક ''કવિતાનો આનંદ'' માંથી કબીરની સાકી લીધેલ છે તેમજ ''પ્રબુદ્ધ જીવન'' અંક-૮માંથી શ્રી તત્વચિંતક વી. પટેલના લેખ ''ચાર પુરુષાર્થ વિવેક સાથે સમજીએ''નો સહારો લીધેલ છે. વધુ આવતાં અંકે...

।। શ્રી ગણેશાય નમઃ ।।

# શ્રી સુસભ લોડાયા પરિવારના દેવસ્થાન

જય માતાજી

સહર્ષ ખુશાલી સાથે જણાવવાનું કે આનંદની હેલી છલકાઇ રહી છે.

શ્રી મોટી ખાવડી મુકામે બિરાજતા શ્રી સુસભ લોડાયા પરિવારના દેવસ્થાન તેમના મંગલમય તેરમાં વર્ષમાં પ્રવેશી રહ્યું છે. હવન, ધ્વજા તથા ગંધી પ્રસંગે પધારવા આપ સર્વેને ભાવભર્યું આમંત્રણ છે.

## કાર્યક્રમની રૂપરેખા

**તા. ૦૫/૦૪/૨૦૨૦ રવિવાર**ના સંધ્યા આરતી ૭.૦૦ કલાકે, ભલારા દાદાનો પાઠ ૭.૩૦ કલાકે, માતાજીની ભક્તિ ભાવના ૯.૦૦ કલાકે, માતાજીની ભાવના દરમ્યાન ચડાવા બોલવામાં આવશે. ત્યારે જ આદેશ આપવામાં આવશે.

**તા. ૦૬/૦૪/૨૦૨૦ સોમવાર**ના હવન, સચ્ચાઇ માતાજીની ધ્વજા, ગંધી તથા આરતી, ભલારા દાદાની ધ્વજા, ગંધી તથા આરતી, સુરાપુરા દાદાની ધ્વજા તથા આરતી. સર્વે ભાવિકોને તન-મન ધનથી સાથ સહકાર આપવા નમ્ર વિનંતી. સર્વે ભાવિકોને પધારવા ભાવભર્યું આમંત્રણ છે. સમુહ નિવેદ તથા મંદિર નિભાવ ખર્ચ ખાતે ફાળો લખાવવા વિનંતી.

**પંકજ હિરાચંદ લોડાયા – 98982 14141**
**દેવેન્દ્ર ચંદુલાલ લોડાયા – 99986 72190**
**વિમલ ચંદુલાલ લોડાયા – 97125 00765**
**ગિરીશ ખીમજી લોડાયા – 77388 23247**

**લી. કારોબારી કમીટી**

**જીવરાજ ગોવિંદજી લોડાયા – 93222 66103**
**ભરત પાસુભાઇ લોડાયા – 98337 72735**
**કિરીટ કાંતીલાલ લોડાયા – 98925 17155**



।। જય શ્રી અંબાઈ મા ।।

# શ્રી ક.દ.ઓ. જૈન મોતા પરિવાર અંબામા ટ્રસ્ટ, તેરા



(ટ્રસ્ટ રજી નં. એ. ૧૮૨૭/કચ્છ)

અંબામા મંદિર, પટેલ ફળિયો, તેરા (તા. અબડાસા, કચ્છ) - ૩૭૦ ૬૬૦. ફોન : ૦૨૮૩૧-૨૮૯૨૫૧
**મુંબઈ ઓફીસ :** શ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા, કલકતાવાલા બીલ્ડીંગ, ૨જે માળે, ૧૩૭, સેમ્યુઅલ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૯.

## ક.દ.ઓ. મોતા પરિવારના ભાવિકો જોગ

આપણા કુળદેવી મા અંબાઈમાની સમૂહ પહેડી હમેશ મુજબ ગુડીપડવાના શુભ દિવસે બુધવાર તા. ૨૫-૩-૨૦૨૦ના સવારના ૯.૦૦ કલાકેથી ભાંડુપ, મુંબઈ મધ્યે જૈનમ A/c હોલમાં ભોંયતળીયે યોજાશે.

**સૌ ભાવિકોને સમયસર પધારી કુળદેવી અંબાઈમાની આરાધના/અર્ચનામાં જોડાવા વિનંતી છે.**

સરસ્વતી સન્માન માટે વર્ષ ૨૦૧૮-૧૯ શૈક્ષણિક વર્ષમાં SSC તથા HSC (પ્રથમ બે) એવં ગ્રેજ્યુએટ કે તેની સમકક્ષ કે ઉપરની પરીક્ષા પસાર કરેલ મોતા પરિવારના યુવક/યુવતીઓએ તા. ૧૦-૦૩-૨૦૨૦ સુધી પોતાની માર્ક લિસ્ટની નકલ પોસ્ટથી (કે **tanmantour@gmail.com** પર ઈ-મેલથી) **TAN-MAN TOURS & TRAVELS,** A-19-20, Monani Sadan, (Bhujbal Niwas) 169/70, J.N. Road, Mulund (West), Mumbai - 400 080. સરનામે મોકલી આપવા વિનંતી છે.

**-: સમૂહ પહેડીના લાભાર્થી પરિવાર :-**

**માતુશ્રી રતનબાઇ ત્રીકમજી રાયશી મોતા પરિવાર (સુથરી - મુલુંડ)**

માતાજીની સમૂહ પહેડીમાં કાળા કપડા પહેરવા નહિં અને યોગ્ય વસ્ત્ર પરિધાન કરવા.

લિ. ક.દ.ઓ મોતા પરિવાર અંબામા ટ્રસ્ટ, તેરા
ટ્રસ્ટીઓ

## સબંધોના બંધન

જીવનમાં અમુક સબંધો ખૂબજ મહત્વના અને લાંબા ગાળાના હોય છે જ્યારે અમુક સબંધો ક્ષણિક પણ સુખદ અને આનંદદાયક સ્નેહ ભર્યા પણ હોય છે. જેના વિપરીત અમુક આવાજ સબંધો લાંબાગાળાના પણ દુઃખકારક, અણગમતા તથા સમસ્યા રૂપ હોય છે. કોઇક ક્ષણિક સબંધો પણ આવાજ તકલીફ આપનારા હોય છે. આવા બંધનકર્તા સબંધોની માયાજાળનું મૂળ શું ગણાય ? કદાચ આપણા કર્મો તો આનું મૂળ નથી.

જીવનમાં આપણને વારસામાં મળતા આવા અમુક સબંધો ખરેખર બંધનકર્તા હોય છે. જેની બુનીયાદ ઈર્ષા, મોટાઇ, પૈસા, નામના, ડર, વગેરે વગેરે ઉપર અવલંબિત હોય છે. આવા સબંધોથી આપણે દૂર પણ નથી જઇ શકતા કે એને આપણે આવેરટેક પણ નથી કરી શકતા. આપણી પ્રગતિમાં તે બાધારૂપ હોવા છતાં આપણે તેને નકારી પણ નથી શકતા આને શું સમજવું ???


''આ બૈલ મુજે માર'' જેવો તાલ આપણને ત્યારે થાય છે જ્યારે વગર વિચારે સ્વજનોના ખોટા નિર્ણયોનો આપણે શિકાર બનીએ છીએ. બીજાની દોરવણીથી, મજબુરીમાં, કે સંજોગોની મુશ્કેલીમાં આપણે જ્યારે કોઇ સાથે લાંબાગાળાના સબંધોમાં આવી જઇએ છીએ. જે આપણને જરાપણ અનુકુળતા આપી શકતા ન હોવા છતાં પણ કોઇ લેણા દેણીને લીધે આ સબંધોને આપણે નિભાવતા હોઇએ છીએ. દરેકેદરેક વ્યક્તિને જીવનમાં આવા અનુભવો તો થતાં જ હોય છે. પણ આનો ઉકેલ શું ? ખરેખર આનો જવાબ ગોતવો જેટલો અઘરો છે તેટલો જ તેને સમજવો.

અમુક વ્યકિતઓ ભલે બીજાની નજરે સ્વાર્થી ગણાય પણ આવા અણગમતા સબંધોને તેઓ જલ્દીથી તિલાંજલિ આપી શકે છે. જ્યારે અમુક વ્યક્તિઓ જીંદગીભર સબંધો નિભાવીને દરેક પ્રકારના દુઃખ, તકલીફ, અપરાધો વેઠે છે અને એ પણ વિના ફરિયાદે. ખરેખર આને શું કહેવાય ??? આનાથી શું સિધ્ધ થાય ???

આપણો જાતે બનાવેલા સબંધોની કડવાશ તો આપણે આપણી સૂજબૂજ, સમજથી હળવી કરી શકીએ છીએ. પણ જ્યારે આપણ ને આપણા સ્વજનોની દાદાગીરી, મજબુરી, કે મુર્ખાઇથી વેઠવા પડતા બંધનોને ભૂલવા અને સુધારવા ખૂબજ અઘરા થઇ પડે છે. માણસ આવી પરિસ્થિતિમાં પોતાનું સમતુલન પણ ખોઇ બેસે છે એવા દાખલાઓ ઘણાઓએ પોતાની નજર સમક્ષ જોયા અને અનુભવ્યા પણ હશે. છેવટે આપણે કોઇની જીંદગીમાં આવી પરિસ્થિતિનું નિર્માણ કરવા માટે નિમિત ન બનીએ તેવી તકેદારી રાખીએ એ ખૂબજ મહત્વનું છે. 'જીવો અને જીવવા દો' નો મંત્ર આમ જ સફળ બનાવતા રહીએ તો !!!

– **જયકાંત મોતા,** ઘાટકોપર-તેરા, ૯૮૧૯૬૨૮૩૮૨


**પ્રથમ વાર્ષિક પુણ્યતિથીએ શ્રદ્ધાંજલી**



આપનો પ્રેમાળ અને માયાળુ સ્વભાવ,
ધાર્મિકતા, સર્વ સાથે આત્મિયતા, સદ્ભાવના,
સાથેની પ્રેરણા, એ કયારેય ભુલાશે નહી.
આપ અમારી સાથે જ છો અને કયારેય ના વિસરાય
એવી સ્મૃતિમાં અંકિત છો.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ
હૃદયપૂર્વક પ્રાર્થના.

સ્વ. મયુર જેઠાભાઇ લોડાયા
સ્વ. તા. ૨૮-૦૧-૨૦૧૯
(ગામ : નલીયા - કચ્છ)

લી. લતાબેન નરેન્દ્રભાઇ ગોસર - વડોદરા | છાયા ધિરેન મોમાયા - સેઘંવા
દિવ્યા રોહિત મોમાયા - સેઘંવા | રીના અંકિત નાગડા - ઈંદોર


## પ્રતિભાવ

સવિનય સહ જણાવવાનું કે પ્રકાશ સમીક્ષાના એક પ્રતિનિધી હોવાને નાતે આ વાત (જાહેર પ્રજા) જ્ઞાતિજનો સુધી પહોંચાડવા વિનંતી. આજના આ ડીઝીટલ જમાનામાં મોબાઇલ ઉપર રહેતા પ્લે સ્ટોરમાં 'અચલગચ્છ'ની ઍપ આવે છે. એ એપનું સંચાલન "ACHALGACHHAM" અમેરિકા સ્થીત સૌરભ દેઢીયા દ્વારા થાય છે. મુંબઇ ખાતે તેમના પિતાજી ખુશાલ પ્રેમજી દેઢીયા મો.નં. **982044636** માહિતી એકત્ર કરી મોકલે છે.

એ ઍપમાં ક.દ.ઓ. જૈન મહાજન નલીયા-જખૌ-તેરા-કોઠારા અને પરજાઉ મહાજન દ્વારા ચલાવાતા પાંજરાપોળોની વિગતો આમેજ કરવા તથા આપણા મહાજનોમાં થતા ફેરફારની માહીતીઓ ત્યાં સુધી પહોંચતી કરવા યોગ્ય સમાચાર પ્રકાશ સમીક્ષા દ્વારા મહાજનો સુધી પહોંચાડવાની મહેનત કરવા વિનંતી.

## કલર પાનાંની મેટરો

પ્રકાશ-સમીક્ષાના કલર પાનાં ૪ના ગુણાંકમાં છપાતા હોવાથી અમને ૪,૮,૧૨,૧૬, જેવી પૂરેપૂરી સંખ્યામાં મેટરો મળી હશે તેટલી જ જાહેરાતો પ્રગટ કરવાનું અમારા માટે શક્ય બને છે. પ્રિટીંગ માટે પાનાની ગોઠવણ કરવાની હોઇ પાનાના ક્રમ માટે આગ્રહ ન રાખવા વિનમ્ર વિનંતી.

## Knowledge is Power

This caption is a proven criteria for all generation. The younger generation needs to fully understand the value of DEEP KNOWLEGE in this highly competitive society.

Yes, strength in power and so is money !

However, Knowledge is power for all times to come !! We are living in a society which is having a growing population of educated job less young persons. The employment and professional opportunities are few and far between. There are diminishing prospects amidst global upheaval.

In such a frightening scenario our young students need to thank and act in a manner so as to ensure a good future. For the take of focused target audience. I take the liberty to address this well-meaning message to our student community.

For bright students belonging to affluent and affording families the challenges may be some what easy to face and overcome. However for the average student from weaker section of society the challanges are very big indeed.

For student who are availing the benefit of world class hostel facilities in our two (2) Vidhyarthi Griha the task on hard is very big indeed. For sake brevity and focused suggestion I venture to list below some Ideas. I do hope and trust that these will be viewed in the right spirit of brotherhood.

Every student who is availing hostel and / or scholarship grants etc. should ask him/her self some pointed questions such as :-

1) How do I plan my future residence etc after completing my studies and also what about my source of income ?

2) What about professional plans and internship etc. what about higher studies ?

3) Am I doing justice to the magnanimous support which I am getting from my community ?

4) Am I acquiring additional skills in my spare time ? or am I wasting my time over mobile, and social media Gup - Shup ?

5) Am I behaving in a proper manner as per rules and regulation of our hostel ?

6) Am I respecting my coboarder and the hostel authorities in a proper manner ?

7) Am I acquiring knowledge on various subjects to strengthen my future ?

8) Am I taking good cave of my health and avoiding any bad habits ?

9) Am I aware about goings on in our country with reference the economic condition. After all everybody needs money for survived.

To be very frank this list can be endless. However, I must add here that it is my intention to coax individual students to start asking themselves questions which will broden their focus to meet future challenges.

I may take liberty to mention here that students from the K.V.O. Community are doing exceedingly well in their academic career and then doing justice to the support which they get from the community.

It is high time for our students to emulate "Thank giving Performance" of their brethren. Every scholar needs to climb up the ladder of progress by virtue of the power of knowledge.

Good Luck and good going my younger friends.

**- Dharmendra Ratilal Nagda,**
Matunga, 9769648863

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે,
દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

॥ જય જયશ્રી ચામુંડા માઁ ॥

**કચ્છ કોઠારા સ્થાને નમતા મૈશેરી પરિવારની કુળદેવીમાઁ ચામુંડા માતાજીની ૧૨મી પહેડીમાં પધારવા સ્નેહભર્યું આમંત્રણ**

આત્મીય મૈશેરી કૂળ પરિવાર સહ નિયાણી બહેનો,

ચામુંડા માઁની અસિમ કૃપાથી અમારા પરિવારને ૧૨મી પહેડી પ્રસાદનો સંપૂર્ણ લાભ મળેલ છે. આ શુભ અવસરે આપ સૌ ભક્ત પરિવારજનો તથા નિયાણી બહેનો સહકુટુંબ પધારી માતાજીની ભક્તિનો તથા સાધર્મિક ભક્તિ કરવાનો લાખેણો લાભ અમારા પરિવારને આપવા માટે ભાવભરી વિનંતી.

**પહેડીના સંપૂર્ણ લાભાર્થી પરિવાર**
**માતુશ્રી લક્ષ્મીબાઈ જીવરાજ શીવજી મૈશેરી (મહેશ્વરી)**
**હ. કિશોર જીવરાજ મહેશ્વરી** (સાંધાણ/ગોરેગામ)

શુભદિન : **રવિવાર**, તા. ૨૯-૩-૨૦૨૦ સમય ૯ થી ૨ કલાકે
શુભસ્થળ : **જૈનમ બેન્કવેટ હૉલ**, ૧લે માળે, એલ.બી.એસ. માર્ગ,
ભાંડુપ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૮.
ભક્તિ ગીતો : **અષાઢી ગાયક કિશોર મનરાજા એન્ડ પાર્ટી**
લી. **માતુશ્રી લક્ષ્મીબાઈ જીવરાજ શીવજી મૈશેરી (મહેશ્વરી)**
**હ. કિશોર જીવરાજ મહેશ્વરી** (સાંધાણ/ગોરેગામ)
**તથા કોઠારા સ્થાને નમતા મૈશેરી કૂળ પહેડી કમિટી**

**નોંધ :** કાળા વસ્ત્રો, ચામડાની કોઈપણ વસ્તુ તથા ઘુઘરી પહેડીને ન આવવાની કાળજી રાખશોજી

## કવિ રશ્મિનને શ્રધ્ધાંજલિ

જ્ઞાતિમાં જે જે ઘટનાઓ ઘટે તેનું અવલોકન કરતાં જ કવિ રશ્મિનનું હૃદય સ્પંદિત થતું અને શબ્દચિત્ર ખડું કરવામાં તેઓ માહેર હતા. એમની કવિતાઓનું રસાસ્વાદન માણતાં હૃદય ગદગદિત થઇ જતું.

જ્ઞાતિ માટે સમર્પિત થઇને, ભૂતકાળ અને વર્તમાનના જાજ્વલ્યમાન મોભીમાડુ અને વીરાંગનાઓની માહિતિ એકત્રિત કરીને, કવિતારૂપે સંગ્રહિત કરીને ''પ્રકાશ સમીક્ષા''ના માધ્યમથી જ્ઞાતિજનો સુધી પહોંચાડીને જ્ઞાતિ પ્રેમ દર્શાવનાર કવિ રશ્મિનને એમની વસમી વિદાય પછી હાર્દિક શ્રધ્ધાંજલિ. પહેલાં પણ અવનવા વિષયો પર કવિતા રચીને જ્ઞાતિ માટે જબરદસ્ત યોગદાન પ્રદાન કરેલ છે.

કવિ રશ્મિનની અલવિદા થકી, જ્ઞાતિનો એક અણમોલ હીરો અસ્તંગત થઇ ગયો. એમનું નામ જ્ઞાતિના ઇતિહાસમાં હમેશને માટે સુવર્ણાક્ષરમાં અંકિત થઇને રહેશે. ''પ્રકાશ સમીક્ષા'' અને ''પાંજો પ્રતિબિંબ''માં એમની અગણિત કવિતાઓ છપાયેલ. અનેગીરીમાં વિદ્યાર્થી જીવનમાં મારા સહપાઠી હતા. અનેક વખત ફોનમાં કવિતાઓ સંભળાવીને તૃપ્તિનો આનંદ માણતા. આવા મારા પરમસ્નેહી કવિ રશ્મિનને શ્રધ્ધાના સુમન સમર્પણ કરૂં છું. કુટુંબીજનોને સાંત્વના પાઠવું છું.

– **રમેશચંદ જયચંદ નાગડા**, કોપલ, 9241323961

## સમય-સમયજા ખેલ !!

સમય આંઉ ઓભો તોલ્લા, પણ તું ન ઓભે મુલ્લા;
આંઉ ચાં સમય ! તું મુંશે એળો કે કુલ્લા ?
સમય કેર ફેરી વેંધો, તેંજી ન પોંધી ખબર;
કેલા સારો ત કેલા ખરાબ, એળા હલેં સમયજા ચક્કર
કડેં સીધો તકડેં ઉંધો, એળો હલે વિઠો સમય;
પામર માડુ ત ધોળે ઇન પુઠીયા, જેડાં ખણી વિને સમય
સમય માડુ કે મારે વિજે ત પણ, પાં ઇનકે સરકાય નતાં સગોં
સમય સામે માડુજી કુર ભકા, જુકો કેંજો પણ ન થીયે સગો ?
સમયજે સથવારે હલધલ માડુ, રખે ઇનતેં વિશ્વાસ
પણ જડેં સમય છડી ડે સાથે, તડેં માડુ કે થીયે બહુ ત્રાસ
માડુ વિચારો કીડાં વિને, કેળો પણ અચે સમય
કર્માધીન ભોગવણું પે, જેડો પણ અચે સમય
સમયજો મીલે સાથ, ત માડુજી થીયે ચડતી
સમયજો ન મીલે સાથ, ત માડુજી થીયે પડતી
મીળે અંઇ સમયજા ખેલ, તડેંજ થીંયે પરિવર્તન
રશ્મિન ચેં સમય સમય પ્રમાણે, માડુજા ભધલે વિઠા વર્તન
(ભકા – શક્તિ) – **રશ્મિન ખોના**, (મુંબઇ)

કવિશ્રી 'રશ્મિન' ખોના ગયા મહિને જ બે કાવ્યો આપી ગયા હતા જે સ્થળ સંકોચને કારણે ૨૦-૧૨-૨૦૧૯ના અંકમાં પ્રકાશિત નહોતા કર્યા. એ બન્ને કાવ્યો કવિશ્રીને સ્મરણાંજલિ રૂપે અર્પણ. – **પ્રકાશ સમીક્ષા સમિતિ**

## માતુશ્રી કુંવરબાઇ નરશી નાથા મહિલા ગૃહઉદ્યોગ ટ્રસ્ટ

માનબાઇ પદમશી ને માનબાઇ રાચચંદ બોય લોડાયા
બોય જેણીયું મીલીને મહિલા ગૃહ ઉદ્યોગ ભનાંયા
હુઇ ૧૯૫૪જી સાલ ને ક્યાં મહિલા ગૃહ ઉદ્યોગજી શરૂઆત
જરૂરતમંદ બાયું કમતેં લગયું ને વાનગ્યું ભનાંયા જાત જાત
જુદી જુદી જાતજી સરલ મઝેજી ભનાઇયેં મિઠાઇ
ભનાઇયેં કૈક જાતીયેંજા ફરસાણ જેંમેં સ્વાદ હોય સવાઇ
ગરમ નાસ્તાને સિઝનલ મિઠાઇને અથાણા ભનાઇયેં મનભાઇ
સ્વાદીષ્ટ ચિક્કી ને ખાખરા ભનાઇયેં ને બ્યા પાપડ ડીંએં ભનાઇ
મસાલા ને ચટણી ભનાઇયેં ચટપટી જેંસે હૈયા વિને ખવાઇ
મુખવાસ ભનાઇયેં મોં કે સાફ કરેલા ઇજ ઇનીજી ખૂધા જણાઇ
રશ્મિન ચેં ધન્ય ઇની મહિલાયેં કે જે કમ કરીયેં મન લગાઇ
ને હેતરીયું મીળે ચીજું ભનાઇ રંગ રખી ડીંએ સવાઇ

– **રશ્મિન ખોના**, તેરા-ઘાટકોપર

## નમ્ર નિવેદન

પ્રકાશ સમીક્ષાએ કે.ડી.ઓ. મહાજનો તથા ટ્રસ્ટો દ્વારા ભારતભરમાં માલિકીયત ધરાવતી મિલકતોની યાદી બનાવવા નિર્ધાર્યું છે. આપણી જ્ઞાતિના વિવિધ મહાજનો ટ્રસ્ટોની આર્થિક મજબૂતી જાણવા આ બાબત ઉપયોગી બની રહેશે. તદ્ઉપરાંત આ મિલકતોની સુધારણા તથા સદ્ઉપયોગ માટેના સૂચનો પણ જ્ઞાતિજનો પાસેથી મળી રહેશે.

આ માટે જ્ઞાતિના તમામ ટ્રસ્ટો અને મહાજનોને વિનંતી છે કે આ અંગેની માહિતી ઇમેઇલ kdoprakash@gmail.com ઉપર અથવા **C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Madhu Entertainment & Media Ltd., A/704, Remi Bizcourt, Plot No. 9, Shah Indl. Estate, Off Veera Desai Road, Andheri (W), Mumbai-400 053. ઉપર પત્ર દ્વારા મોકલી આપે. – **તંત્રી મંડળ**

|| શ્રી શાંતિનાથાય નમઃ ||    || શ્રી ચંદ્રપ્રભસ્વામી નમઃ ||

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન ગોએરસમા-બારોઈ

### ગોએરસમા-બારોઈ ધ્વજા મહોત્સવ જાહેર આમંત્રણ

**બન્ને ગામવાસીઓ સહ પરિવાર તેમજ નિયાણી બહેનો સહપરિવાર તથા આમંત્રિત મહેમાનો જોગ,**

તપચક્રવર્તી ત્રેપન સુદીર્ઘ વર્ષીતપ આરાધક અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગર સૂરીશ્વરજી મ.સા.** તેમજ સર્વે આચાર્ય ભગવંતોના આશિર્વાદથી બન્ને ગામોના જિનાલયોમાં દ્વિદિવસીય મહોત્સવ યોજેલ છે.

### -: કાર્યક્રમ :-

વિ.સં. ૨૦૭૬ ફાગણ વદ ૧ ને **મંગળવાર તા. ૧૦-૩-૨૦૨૦ના અઢાર અભિષેક** વિ.સં. ૨૦૭૬ ફાગણ વદ ૨ને **બુધવાર તા. ૧૧-૦૩-૨૦૨૦ના બન્ને જિનાલયોની વર્ષગાંઠ** નિમિત્તે ધ્વજારોહણ યોજેલ છે.

આવા રૂડા અવસરની જાહેરાતને નિમંત્રણ સમજી આપ સૌ સહ પરિવાર પધારવા કૃપા કરશોજી. ભાગ્યશાળીઓએ અગાઉથી જાણ કરવી જેથી વ્યવસ્થા કરવામાં સુગમતા રહે.

**સંપર્ક :**

ધનપતી મોમાયા - 9423185716 • ભુપેન્દ્ર ડાઘા - 9819883522
વિજય ગોસર - 9826048413 • શ્રેણીક મોમાયા - 9323785320

લિ. **પ્રમુખશ્રી અશોક લાલજી પોલડીયા એવમ પદાધિકારીઓ કારોબારી સભ્યો, એવમ ટ્રસ્ટીઓના જય જિનેન્દ્ર.**

|| જય શ્રી સચ્ચાઈ માતા ||    || જય શ્રી ભલારા દાદા ||

## શ્રી ભલારા દાદા તથા શ્રી સચ્ચાઈ માતાજીને મોટી વરંડી સ્થાનકે નમતા સર્વે ભાવિકો જોગ

**રવિવાર, તા. ૦૧-૦૩-૨૦૨૦ ફાગણ સુદ ૭**
**ભાંડુપ મધ્યે સવારના ૯.૦૦ થી ૧.૦૦ સુધી**

-: પહેડીના સૌજન્ય દાતા :-

### માતુશ્રી મેગબાઈ કેશવજી પીર પરિવાર

ગામ : બાયઠ, હાલ : ભાંડુપ

### -: કાર્યક્રમ :-

૧) સ્થાપના, ૨) પહેડી ભાવના - પ્રસાદ,
૩) સભા અહેવાલ - સંવત ૨૦૭૭ માગસર સુદ - ૫ની ધ્વજા ચડાવવાનો આદેશ

ભાવના ભક્તિ : **શ્રી અનંત મિત્ર મંડળ,** ભાંડુપ ભાવિકો દ્વારા

**સ્થળ : કુકરેજા કોમ્પલેક્ષ હૉલ,** અનંત સિધ્ધિ દેરાસરની સામે, લાલ બહાદુર શાસ્ત્રી માર્ગ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૮.

**તા.ક.:** સર્વે ભાવિકો અને નિયાણી બહેનોને સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ.


**સંપર્ક :**
મણિલાલ ડી. શાહ - 93222 76296
રમેશ લોડાયા - 98920 03940
અનિષ શાહ - 98335 11685






**રચયિતા : જયકાંત મોતા**
ઘાટકોપર (તેરા) ૯૮૧૯૬ ૨૮૩૮૨

## ધર્મ સંદેશ - ૧૪૮



**ઊભી ચાવીઓ -**


[૧] શત્રુંજય ઉપર આવેલ એક ટૂંક (૫); [૨] દક્ષિણ ગુજરાતનું દરિયા કિનારે આવેલ તીર્થ (૩); [૩] ૧૦૮ પાર્શ્વનાથમાંના એક(૩); [૪] રંગે રમે આનંદે રમે આજ ...... રંગે રમે (૪); [૫] શત્રુંજય ઉપર આવેલ એક પરબનું નામ (૨); [૧૨] કચ્છનું મહાવીર સ્વામીનું એક તીર્થ (૩); [૧૩] પ્રભુની આરતીમાં આવતું એક નામ (૫); [૧૪] કવડ યક્ષ શત્રુંજય તીર્થના ........ છે (૩); [૧૬] પરમપદ (૨); [૧૭] વિમલ મંત્રીએ બનાવેલ આબુનું જિનાલય (૫); [૧૮] અહીં રથ આકારનું જિનાલય છે (૨); [૨૦] ગુજરાતના આ તીર્થમાં શાંતિનાથ મુળનાયક છે (૩); [૨૨] વિભુ (૩); [૨૩] વિસ વિહરમાનમાંના એક (૩); [૨૪] સમેતશિખરજી માટે ..... નાથ સ્ટેશને ઉતરવું (૩); [૨૬] આ કરી કર્મોની નિર્જરા કરો (૨); [૨૭] રાજસ્થાનમાં આવેલ મહાવીર સ્વામીનું તીર્થ (૨); [૨૮] કચ્છમાં આવેલ જીરાવલ્લાનું તીર્થ (૨).

(ઉકેલ અન્યત્ર)

**આડી ચાવીઓ -**

[૧] શ્રાવકે જમતી વખતે ઓછું ખાવારૂપ ..... તપ કરવો જોઈએ (૪); [૩]..ઋષભ ગુણ ગાયા (૪); [૬] અમીઝરા પાર્શ્વનાથનું ગુજરાતનું તીર્થ (૩); [૭] આ સમયે સંભળાવવામાં આવતું એક પુણ્ય પ્રકાશનું સ્તવન (૩); [૮] ભવોભવ તુમ ચરણોની ..... (૨); [૯] છઠનું તપ એટલે ઉપરાઉપરી... ઉપવાસ (૧); [૧૦] એક યંત્ર (૩); [૧૧] નાચતા નાચતા કેવળ જ્ઞાન થયું(૩); [૧૫] વર્ષમાં આયંબિલની ઓળી.... વાર આવે. (૧); [૧૭] મહુડી પાસે આવેલ એક તીર્થ (૪); [૧૯] આ આઠ હોય (૨); [૨૧] આણંદ પાસે આવેલ આ ગામમાં શંખેશ્વર પાર્શ્વનાથનું જિનાલય છે (૩); [૨૨] ગુજરાતનું એક તીર્થ (૩); [૨૩] દેવાધિદેવ (૩); [૨૫] જીવવાળા દ્રવ્યો અને પદાર્થો (૪); [૨૭] ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૪); [૨૮] પૂજાના તિલક કેટલા અપાય ? (૨); [૨૯] અપ્રતિષ્ઠિત મૂર્તિઓ (૩); [૩૦] પ્રભુની પ્રથમ પૂજા આનાથી થાય (૩).

## કચ્છી કસબ - ૧૪૮



**ઊભી ચાવીઓ -**

[૧] વાદળ (Cloud) (૩); [૨] સંજોગ (Circumstances) (૨); [૪] બટકું (Bite) (૨); [૫] નકામો માણસ (Useless person) (૪); [૭] દિલાસો (Condolense) (૪); [૧૦] જાડી સ્ત્રી (Fat lady) (૨); [૧૨] પંચાત (Peeping in others matter) (૪); [૧૪] એકદમ (Only)(૨); [૧૬] જનાવરો (Animals) (૨); [૧૭] ભાજી વીંણવી (To pluck) (૨); [૧૯] કેવી (Which) (૨); [૨૦] કદાવર (He-man) (૪); [૨૨] કાંડી (Straw) (૨); [૨૪] સમાચાર (News) (૩); [૨૬] સાંભળજો (Listen) (૩); [૨૮] ખોખું (Structure) (૩); [૩૦] છિલટા (Barks) (૨); [૩૧] કરીયાવર (Bride's Assets) (૩); [૩૨] વાળમાંથી ગુંચ કાઢવી (To comb) (૩); [૩૪] રાખે છે (Keeping) (૩); [૩૭] પાંખ (Wing) (૨).

(ઉકેલ અન્યત્ર)

**આડી ચાવીઓ -**

[૧] નજીકમાં (Nearby) (૩); [૩] કટાસણું (Woollen cloth to sit on a floor) (૩); [૫] જોવું (To look) (૨); [૬] ઘોંઘાટ (Noise) (૨); [૮] કહું (Say) (૧); [૯] રાંધવું (To cook) (૨); [૧૧] રાખવું (To keep) (૨); [૧૩] દિવસ (Day) (૧); [૧૪] સાસરીયું (In-law's house) (૩); [૧૫] સંવેદના (Sensation) (૩); [૧૬] ગપ્પા મારવા (Making gossip) (૩); [૧૮] સુક્કુ (Dry) (૨); [૧૯] કપાસ (Cotton) (૨); [૨૧] ઢાકણ (Lid) (૩); [૨૩] દવા (Medicine) (૩); [૨૫] મુર્ખ માણસ (Silly man) (૨); [૨૭] કેમ (How) (૧); [૨૯] ઉધ્ધતાઈથી વર્તવું (Bad behaviour) (૩); [૩૨] સપળાઈ જવું (Caught badly) (૨); [૩૩] કંટાળો (To get bore) (૩); [૩૫] તાવ (Fever) (૨); [૩૬] પોપળું (Skin layer) (૨); [૩૮] જોઈએ છે ? (Do you want) (૨); [૩૯] મિજાજી માણસ (Moody person) (૩); [૪૦] કયું (Which) (૧); [૪૧] બીજું (Another) (૧).

## અનંત યુવા શક્તિ કે વધામણાં

અચો મળે વિજેતા, વિજયજા વધામણાં દિયુંતા,
ઉપસર્ગ છતાં યે યશસ્વી થઇ વિજયપતાકા ફરકાયોતા.
સંપ, ખંત અને નિષ્ઠાએ બન્યા ભાગ્યશાળી,
મહાલક્ષ્મીને સરસ્વતીજી દાનગંગાસે અચો પુણ્યશાળી.
પંઢજે કમમેં વ્યસ્ત છતાંયે નાતજી સેવામેં મસ્ત,
ઢગલાબંધ મુસીબતેં કે સમજીને કઇજા પરાસ્ત.
આંજી સેવાસે ઇતિહાસ રચાણું વો દિવ્ય,
લેટેસ્ટ ટેક. જે ઉપયાગસે ભવિષ્ય ભનધો ભવ્ય.
મૂઠી ઊંચેરા ભેગા મળીને ગતિમેં પ્રગતિ પ્રગટાયા,
નરશી નાથા જેડા થેલા નાતકે ઉમટાયા.
સમસ્ત યુવાધનસે થઇ સહભાગી, થીઓ પાછા જાગૃત,
ધાર્મિક, સામાજીક કમ કરેલા પ્રગતિમેં થિઓ પ્રવૃત.
વસવાટ અને અતિથિગૃહજા પૂરા કરી સોણલા
એક્સલેન્ટ, રેકોડબ્રેક કમ કરેને નીરા થીધાં નેણલા.
**– ખમ્મા ધર્મેન્દ્ર નાગડા,** માટુંગા-જખૌ,

## તીર્થો તથા જિનાલયની વર્ષગાંઠ

**મહા સુદ ૫ તા. ૨૯-૧-૨૦૨૦**

શ્રી નલિયા તીર્થ
શ્રી નરશીનાથા પાલિતાણા ટુંક
શ્રી તેરા તીર્થ
શ્રી લાલા તીર્થ
શ્રી અજિતનાથજી જિનાલય - માંડવી
શ્રી ચોપડા (મહારાષ્ટ્ર) જિનાલય
શ્રી માટુંગા સહસ્ત્રફણા પાર્શ્વનાથ જિનાલય
શ્રી ગીરનાર કચ્છી ભવન જિનાલય

**મહા સુદ ૬ તા. ૩૦-૧-૨૦૨૦**

શ્રી સુજાપુર જિનાલય

**મહા સુદ ૧૧ તા. ૪-૨-૨૦૨૦**

શ્રી રાણપુર જિનાલય

## સામાજીક સુરક્ષા યોજના - એક અનુભવ




આપણી જ્ઞાતિમાં આ યોજના છેલ્લા ૨૫/૩૦ વરસથી ચાલ છે. આ એક માત્ર યોજના છે જે નિયમિત છે. અનેક યોજનાઓ આપણી જ્ઞાતિમાં આવી અને ડુબી ગઈ અને એમાં અનેક લોકોનું નુકશાન પણ થયું છે.

આ એકમાત્ર યોજના છે જે સફળ થઈ છે, આ યોજનામાં સ્વાર્થ સાથે પરમાર્થ છે. આ યોજનામાં ફક્ત એક વખત જ રૂા. ૨૨૦૦/- ભરવાના હોય છે. ઝીરો થી ૫૩ વરસ સુધીની વ્યક્તિ આ યોજનામાં જોડાઈ શકે છે. આ યોજના આપણી ઉમરના ૫૫ વરસ સુધી ચાલુ હોય છે. આપણા ૫૫ વરસ પૂરા થાય તો આપણા રૂા. ૨૨૦૦/- સાથે બોનસ મળે છે. ૫૫ વરસ પહેલા અગર કોઈનું મૃત્યુ થાય તો એ સદસ્યના નોમીનીને રૂા. ૭૫૦૦૦/- મળે છે. દુઃખના સમયમાં રાહત આપવાવાળી યોજના છે. આપણી જ્ઞાતિના વધુ થી વધુ લોકો સદસ્ય બનીને જ્ઞાતિ હિતના કાર્યમાં સહભાગી થવું જોઈએ.

૨૦૧૫ની વાત છે. મારી એકમાત્ર સંતાન, મારી દિકરી લાપતા થઈ અને એનુ મૃત્યુ થયું. સમાચાર પત્રમાં ખોટા સમાચાર છાપવામાં આવ્યા અને ખોટી બદનામી કરવામાં આવી. ષડયંત્ર રચવામાં આવ્યું હતું અને પોલીસ કેસ થયુ હતું. પોલીસવાળાએ પૈસા ખાઈને ફાઈલ બંધ કરી નાખી. અમે સતત અમારી લડાઈ લડતા રહ્યા. રખડાવી રખડાવીને અમને બે વરસ પછી અધુરી DNA Report પોલીસવાળા તરફથી મળી અને ૪ વરસ પછી મૃત્યુ પ્રમાણપત્ર આપવામાં આવ્યું. એના પછી અમે સામાજીક સુરક્ષા યોજનાનો સંપર્ક કર્યો. જે ભાઈના મારફત અમે આ યોજનામાં જોડાયા હતા તે ભાઈએ અમને મારી દિકરી ના ૭૫,૦૦૦/- રૂપિયા નહી મળશે એમ કહ્યું.

અમને મૃત્યુ પ્રમાણપત્ર મળ્યા પછી મારી દિકરીની વીમા યોજનાના જેમકે ભારતીય જીવન વીમા, ભારતી એકસા, સ્ટાર યુનિયન ડાયચી, મેક્સ લાઈફ વેગેરે કંપની તરફથી કલેઈમના રૂપિયા મળ્યા. તો પછી આપણી જ્ઞાતિની યોજનાના મળવા જોઈએ કે નહીં ?

મેં આ યોજનાના હાલના પ્રમુખ હૈદરાબાદના શ્રી મોનીકભાઈ ધરમશી નો સંપર્ક કર્યો. એમણે મારા પાસેથી બધી વીમા કંપનીના ક્લેમના કાગળ સાથે મૃત્યુ પ્રમાણપત્ર માંગ્યુ. તપાસ કરીને મારી દિકરીના સામાજીક સુરક્ષા યોજનાના રૂા. ૭૫,૦૦૦/- અમને અપાવ્યા. મારા પતિ રીટાયર થઈ ગયા છે, પેંશન મળે છે. મારી એકમાત્ર દિકરીનો દિકરો અને દિકરી મારી સાથે રહે છે. એમનુ પાલન-પોષણ અમે કરીએ છીએ. આજના મોંઘવારીના યુગમાં રૂા. ૭૫,૦૦૦/- અમારા માટે ખૂબજ મહત્વ રાખે છે. કોઈના જીવનમાં ક્યારે કેવી ઘડી આવે છે એ ખબર નથી. હું આ યોજનાના હાલના પ્રમુખ શ્રી મોનીકભાઈ ધરમશી, સેક્રેટરી શ્રી દિપકભાઈ ડાઘા અને સામાજીક સુરક્ષા યોજનાની આખી ટીમની હું હાર્દિક આભારી છુ. આપણી જ્ઞાતિના જે લોકો આ યોજનાના સદસ્ય નથી બન્યા એમને આ યોજનાના સદસ્ય બનવા વિનંતી કરુ છું.

**– સૌ. પુનમ (ખમા) પ્રફુલ મોમાયા,** સાંયરા-નાગપુર

**પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન** — સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### કે.ડી.ઓ. વેલ્ફેર એસોસીએશન

ક.દ.ઓ. સામાજિક સુરક્ષા યોજનામાં ડીસેમ્બર ૨૦૧૯ સુધીમાં ૧૧૩૬૦ જ્ઞાતિજનો જોડાયા છે. તેમાંથી ૩૬૦ સભ્યો ૫૫ વર્ષની વય પહેલા અવસાન પામતા તેમના નોમીનીઓને નિયત રકમ ચુકવવામાં આવી છે જેની ટોટલ રકમ રૂા. એક કરોડથી વધુ થાય છે. ૩૨૮૪ સભ્યો ૫૫ વર્ષની વયે નિવૃત્ત થયા છે તેમને ડીપોઝીટની રકમ બોનસ સાથે પરત કરવામાં આવી છે. અત્યારે ૭૭૧૫ સભ્યો રોલ પર છે. આ યોજનામાં ૫૩ વર્ષની વય સુધીની કોઇ પણ વ્યક્તિ ફક્ત એકજ વખત રૂા. ૨૨૦૦/- ભરીને સભ્ય બની શકે છે. ૫૫ વર્ષની વય સુધી જીવન વિમા જેવું રૂા. ૭૫,૦૦૦/-નું કવચ રહે છે. તથા અકસ્માત વિમા જેવો વધારાના રૂા. ૭૫,૦૦૦/-નું કવચ રહે છે. અન્યથા ૫૫ વર્ષની વય બાદ ડીપોઝીટ પરત મળે છે. માહિતી તથા ફોર્મ માટે સંપર્ક : દીપક ગંગાજર ડાઘા - ૮૭૬૭૭૫૩૦૮૨ અથવા welfarekdo@gmail.com

### શ્રી પારોલા ક.દ.ઓ. શ્વે.મૂર્તિપૂજક જૈન શ્રીસંઘ

પારોલા તીર્થની ધન્યધરા પર આગમ દિવાકર અચલગચ્છાધિપતી આચાર્ય ભગવંત પરમ પૂજ્ય શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા. આ.ઠા. ૩ નો મંગલપ્રવેશ સામૈયું સાથે થયેલ. આ પ્રસંગે જલગામ, ચોપડા, અમલનેર, પાચોરા, ધુલીયાથી જ્ઞાતિ ભાઇઓ પધારેલ. સામુહીક ચૈત્યવંદન, માંગલીક થયા બાદ ગુરૂપુજનનો લાભ શાંતિલા હરીલાલ ધંધુડીયા પરિવાર અને કામળી વ્હોરાવવા લાભ ઉમેદભાઇ હરકીસનદાસ ધંધુડીયા પરિવાર પારોલાવાલાએ લીધેલ. અત્યાર રોજ બપોરના ૩ વાગે વ્યાખ્યાન થાય છે. ચૈત્રમાસની શાશ્વત ઓળી ચૈત્રસુદ ૭ સોમવાર તા. ૩૦-૩-૨૦૨૦ થી ચૈત્રસુદ ૧૫ મંગલવાર તા. ૭-૪-૨૦૨૦ પ.પુ. આચાર્ય ભગવંત શ્રી મહોદયસાગરસુરીશ્વરજી મ.સા. આ.ઠા. ૩ની નિશ્રામાં થશે.

### કચ્છમાં ૮૦ સાધર્મિક પરિવારોને રાશન સામગ્રી

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઇ દ્વારા દાતાશ્રી શ્રીમતિ ભારતીબેન ભાગચંદ દામજી જૈન ચેરીટેબલ ટ્રસ્ટ મુંબઇનાં સહયોગથી ગ્રુપ અધ્યક્ષ જયેશ જૈન, ઉપાધ્યક્ષ ગોવિંદજી પટેલ તથા ઉપાધ્યક્ષ પ્રવિણ લોડાયાના માર્ગદર્શન હેઠળ કચ્છમાં અબડાસા, ગાંધીધામ, મુન્દ્રા, માંડવી વિસ્તારોમાં રહેતા સમાજનાં ૮૦ સાધર્મિક પરિવારોને ૨૧ વસ્તુઓ સાથેની રાશન સામ્રગી અર્પણ કરવામાં આવેલ. દરેક જિનાલયોમાં ઉપકરણોની સામ્રગી પહોંચડવામાં આવેલ. તેમજ ૧૭ જૈનેત્તર પરિવારોને પણ રાશન સામગ્રી આપવામાં આવેલ. માંડવી આશ્રમના વૃદ્ધ વડીલોને નવા વસ્ત્રો તથા મીઠાઇ તથા શ્રી રામદેવ સેવાશ્રમ પાલારા-કચ્છના માનસિક દિવ્યાંગોને તથા ભુજની માનસિક આરોગ્યની હૉસ્પિટલના દર્દીઓને વસ્ત્રો તથા ફરસાણ વિતરણ કરવામાં આવેલ.

વિતરણ વ્યવસ્થા કિરણ દંડ, પ્રબોધ મુનવર, ભદ્રીક મૈશેરી, દિપેશ શાહ, કુસુમ લાલકા, રાજેશ લોડાયા, મહેશ નાગડા, સોમચંદ નાગડા, પ્રવિણ મોતા, હેમંત મોતા, મુકેશ દંડ, હિતેશ પટેલ, કિરીટ લોડાયા, મનોજ ગાલા, રાજેશ દંડ, રાજેશ ગોરજી, હુશેન હિંગોરા, રજાક હિંગોરા, લાભુ મારાજ, બુધિયા ગઢવીએ સંભાળી હતી.

### શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ તીર્થધામ, ખંડવા

પ.પૂ. સા. કલ્પગુણાશ્રીજી મ.સા. આ.ઠા.-૩ સંઘમાં પ્રથમ વખત પુદગલ વોસિરાવની આરાધના પોષ પૂનમના દિવસે કરાવેલ. મ.સા. તા. ૧૨/૧/૨૦૨૦ના દિવસે ચાલીસગાવ વિહાર કરેલ. પૂનમ ભાતા ચાલુ છે. માગસર પૂનમના લાભાર્થી ચેતન નવીનચંદ નાગડા અને પોષ પૂનમના લાભાર્થી માતુશ્રી લીલાવંતીબેન મેઘજી નાગડા પરિવાર.

### શ્રી ભલારા દાદા ટ્રસ્ટ - લાલપુર

ભલારા દાદા ટ્રસ્ટની ૩૨મી સમુહ પહેડી મુલુંડ કાલિદાસ કોમ્પ્લેક્સ ખાતે ગુડી પડવો તા. ૨૫ માર્ચ ૨૦૨૦ના બુધવારના સાંજના ૪ કલાકે નિર્ધારિલ છે તથા


**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**

રાજ નીકેતન બિલ્ડીંગ, ભંડારકર રોડ,પોસ્ટ ઑફીસની સામે, માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537

હાથ અને મશીન ભરતની ભારે ફેન્સી સાડીઓ અને લખનૌ ભરતની કુર્તીઓ. સોમવાર બંધ

ચૈત્ર સુદ પુનમની ધ્વજા મહોત્સવ ચૈત્ર સુદ ૧૩,૧૪ અને પુનમ એટલે તા. ૬,૭ અને ૮ એપ્રિલ ૨૦૨૦ સોમ, મંગળ અને બુધના લાલપુર મુકામે નિર્ધારિલ છે. જેની સર્વ ભાવિકગણોને લાભ લેવા વિનંતી.

**દેવ ગુરૂ માતૃ ઉપકાર સ્મૃતિ મહોત્સવ - ખિરકિયા**

માતુશ્રી લક્ષ્મીબાઈ ભવાનજી નાગડાની પ્રથમ પુણ્યતિથિ અવસરે ત્રીહાનિકા મહોત્સવ અચલગચ્છાધિપતી શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાનુવર્તીની પ.પૂ. સા. શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ. સા. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. તથા પ.પૂ. સા. શ્રી હિમાંશુશ્રીજી મહારાજસાહેબની પાવન નિશ્રામાં ઉજવાયો. પ્રથમ દિવસે શક્સ્તવ અભિષેક, બીજા દિવસે સિધ્ધચક્ર મહાપૂજન તથા ત્રીજા દિવસે નમસ્કાર મહામંત્રનો અનુષ્ઠાન રાખવામાં આવ્યો. સિધ્ધચક્ર મહાપૂજન તથા નમસ્કાર મહામંત્રના અનુષ્ઠાન માટે હર્ષભાઈ દેઢીયા મુંબઈ થી પધાર્યા હતા. અનુષ્ઠાન દરમિયાન પ.પૂ. મ.સા. ૯૫ વર્ષના જિનાલયને સૌ વરસ થાય ત્યારે ત્યાં શિખરબધ્ધ દેરાસર કરાવવા માટે પ્રેરણા કરેલ તેને ગામ વાસિયોએ સંકલ્પ સાથે હર્ષથી વધાવી લીધેલ.

**શ્રી પદમમુક્તિ વાત્સલ્ય નિધિ ટ્રસ્ટ (ચાલીસગામ)**

પ.પૂ. શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા. દ્વારા સ્થાપિત થયેલ ટ્રસ્ટ તેમજ પ.પૂ. શ્રી જયદર્શિતાશ્રીજીના આશિર્વાદ અને માર્ગદર્શનથી ટ્રસ્ટના કાર્યો સરળતાપૂર્વક ચાલી રહેલ છે.

ચાલીસગામ મધે દર બુધવારના જરૂરતમંદોને ભોજન કરાવવામાં આવે છે. કાયમી દાતાઓના નામ : ૧) ગંભીરદાસ છોટાલાલ જોશી (શિઓર), ૨) ઉમરશી ભાણજી પોલડિયા (નાગપુર હસ્તે - ગુલાબભાઇ આશરિયા લોડાયા - અંકલેશ્વર), ૩) માતુશ્રી જયાબાઇ નરશી ધરમશી (મુલુંડ) પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના પુણ્યતિથિ નિમિત્તે, ૪) કાંતાબાઇ મુરજી રાઘવજી લોડાયા (દાદર), ૫) દિનેશભાઇ ભવાનજી ગોસર (હૈદ્રાબાદ) પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા. કાલધર્મ તિથી નિમીત્તે, ૬) કનકકુમાર દોશા (ચાલીસગામ), ૭) ઉર્વશી મેઘજી, પ્રિયવંદા મેઘજી ધરમશી (હસ્તે - તક્ષશીલા, વિધાતા ધરમશી - તારદેવ), ૮) લક્ષ્મીબેન પદમશી પાનપરીયા - વડોદરા), ૯) જેતબાઇ લક્ષ્મીચંદ લોડાયા (ચાલીસગામ), ૧૦) લક્ષ્મીબાઇ હેમરાજ મોમાયા (મુલુંડ), ૧૧) શા. લક્ષ્મીચંદ કેશવજી માંડણ લોડાયા (હસ્તે - પ્રિયમવંદા મેઘજી ધરમશી - તારદેવ), ૧૨) રમીલાબેન મણીલાલ ભઠારા (હસ્તે રૂપમભાઇ, ઘાટકોપર), ૧૩) રાયચંદ માલશી મોતા (શેલમ), ૧૪) અનંતનાથ સ્નાત્ર મંડળ (મુંબઇ), ૧૫) શા. શાંતિલાલ શામજી શાહ, (હસ્તે કાશ્મીરાબેન મિલન પટેલ - તલેગાવ-નાંદગાવ, ૧૬) મણીલાલ હંસરાજ ભઠારા (હસ્તે રૂપમભાઇ - ઘાટકોપર), ૧૭) મણીલાલ દામજી ધુલ્લા (હસ્તે સૌ. નયના અશોક લાપસીયા - મુલુંડ, ૧૮) એક સદ્ગૃહસ્થ (હસ્તે - ગુણવંતીબેન દામજી જેઠાભાઇ પટેલ - ડુમરા), ૧૯) શા. શામજી મુલજી પોલડિયા (પારોલા), ૨૦) નવલબાઇ દામજી ધરમશી (વરલી), ૨૧) ડુંગરશી ધનજી દંડ (હસ્તે મોંઘીબાઇ ડુંગરશી દંડ - હુબલી), ૨૨) પ.પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા. (હસ્તે ગુલાબચંદ આશરિયા લોડાયા - અંકલેશ્વર), ૨૩) ગોવિંદજી જીવરાજ લોડાયા (સાયન), ૨૪) રાજેશ શિવજી નરશી પોલડિયા (બેંગકૉક), ૨૫) ગિરીશ શામજી ભાટે (હસ્તે સુશીલાબેન ગિરીશ ભાટે - અંકલેશ્વર), ૨૬) મિતા હિરાચંદ શાહ (હસ્તે રતનબાઇ પોલડિયા - ચાલીસગામ), ૨૭) શ્રી પ્રદીપભાઇ ઉમરશી મેપાણી (હસ્તે ઉમરશી મેપાણી - વડાલા), ૨૮) દયમંતી માણેકજી ડાઘા (હસ્તે દક્ષા, હીના, ચારૂ, સીમા, હર્ષા - ડોંબીવલી), ૨૯) ચંદ્રકાંત ગંગાજર ધરમશી (હસ્તે વિમલાબેન ધરમશી - હુબલી), ૩૦) અદિશ જીગર હરીશ ખોના (સાયન), ૩૧) નવલબાઇ દેવજી પોલડીયા (ચાલીસગામ).

**અંતરજાળ વિમલનાથ જિનાલયની ૭મી વર્ષગાંઠ**

શ્રી અચલગચ્છ જૈન સંઘ આદિપુર કચ્છનાં અંતરજાળ


**Exclusive Embroidery & Upto date Finishing**

Sachi Jari Mate Real Nam

જ્યોતિ

SILK SAREE EMPORIUM

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 93222 58574 **Sunday Closed**
Originally at Zaveri Bazar since 1976


## લગ્ન સંબંધી

જન્મ - 1992, ઉંચાઇ - 5'.3", MNC જોબ ધરાવતી કન્યા માટે ઇચ્છુક યુવકના વડીલો સંપર્ક કરે.

**સંપર્ક - 99304 20682**

મધ્યે આવેલ શ્રી વિમલનાથ પ્રભુજી જિનાલયની ૭મી વર્ષગાંઠ પ.પૂ. મુનિરાજ શ્રી કંચનસાગરજી મ.સા.ની શુભપાવન નિશ્રામાં ઉજવાઇ. આ પ્રસંગે સતરભેદીપુજા, ધ્વજારોહણ, સાધર્મિક ભક્તિ પ્રભુજીની ભવ્ય આંગીરચના વિગેરે કાર્યક્રમો યોજાયા હતા.

સાધર્મિક ભક્તિ માતુશ્રી ભચીબાઇ પદમશી ખીંયશી લોડાયા પરિવાર હસ્તે અ.સૌ. જયાબેન શાંતિલાલ લોડાયા, સાંયરાવાલા તરફથી યોજાઇ હતી. વિધિવિધાન શ્રી રાજુભાઇ નંદુએ કરાવ્યા હતા. જ્યારે સંગતની રમઝટ નીશાબેન સંઘવી એન્ડ પાર્ટીએ જમાવી હતી. જિનાલયના મુખ્ય દાતા પરિવારના અ.સૌ. જયાબેન શાંતિલાલ લોડાયા પરિવાર.

આ પ્રસંગે કચ્છ એકમ સંસ્થાના પ્રમુખ શ્રી મુકેશભાઇ લાલકા, ગાંધીધામ ક.દ.ઓ. મહાજન પ્રમુખ લહેરચંદ ખોના, ભુજ મહાજન પ્રમુખ પ્રબોધ મુનવર, પ્રવિણભાઇ દંડ, પ્રભુલાલભાઇ સંઘવી, રાજુભાઇ મહેતા, રોહિતભાઇ શાહ, રાજુભાઇ જૈન, રસીકભાઇ મહેતા, ચંદ્રકાંત શાહ, પ્રદિપ ખોના તથા આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. જિનાલયની જુદી-જુદી ૧૨ વાર્ષિક તિથિઓના ચડાવાનો લાભ વિવિધ દાતાશ્રી પરિવારોએ લીધો હતો. વ્યવસ્થામાં નીલેશ ડાઘા, કેતન મોમાયા, બ્રિજેશ ખોના, મૃદુલાબેન નાગડા, કવિતાબેન ખોના તથા મહાવીરનગરનાં સર્વે કાર્યકરોએ સહકાર આપ્યો હતો.

## શ્રી વારાપધ્ધર ક.દ.ઓ. જૈન મહાજન

શ્રી આદિનાથ જિનાલયની ૧૫૯ (સાધિક સાર્ધ શતાબ્દિ) ધ્વજારોહણ મહોત્સવ બુધવાર તા. ૫-૨-૨૦૨૦ થી તા. ૬-૨-૨૦૨૦ ના દિવસે વારાપધ્ધર મુ.પો. કોઠારા ખાતે યોજાશે અને આ પ્રસંગે સકળ સંઘને આમંત્રણ આપવામાં આવે છે.

## વિશિષ્ટ જ્ઞાતિ જંગમ

મહાદેવના આરાધક જંગમ સમાજની કચ્છમાં જોકે વસ્તી બહુ ઓછી છે પણ દેશના અન્ય ભાગોમાં સારા પ્રમાણમાં છે. આ જંગમ સમાજનો કચ્છમાં લગભગ ૨૦૦ વર્ષથી વસવાટ છે. દેરૂ/જંગમ મુખ્યત્વે મહાદેવને ચઢાવેલા પ્રસાદનો અધિકારી ગણાય છે. લોક વાયકા મુજબ આ સમાજની ઉત્પત્તિ ભગવાન શિવની જંઘામાંથી થઇ હતી. અને કચ્છમાં આ સમાજ આશાપુરા માતાના પ્રસાદનું વિતરણ પણ કરે છે.

જંગમ બાળક ૧૦ વર્ષની ઉમરે પહોંચે ત્યારે તેને શિવ સ્વરૂપ આપવામાં આવે છે એમ આ સમાજના કચ્છ જિલ્લા પ્રમુખ વીરેન્દ્ર દેરૂએ જણાવ્યું હતું. દેરૂ અટક દેવરૂપમાંથી અપભ્રંશ થઇ દેરૂ થઇ ગઇ છે. શિવ સ્વરૂપમાં હોય ત્યારે તેઓ લાવણી નામના ભજન ગાય છે પણ કોઇ જાતની ભેટ સ્વીકારતા નથી.

## શ્રી કે.ડી.ઓ. વિદ્યાર્થી સંઘ

વિદ્યાર્થી સંઘની વર્ષ ૨૦૧૮-૨૦૧૯ની વાર્ષિક જનરલ સભા તા. ૨૫-૧-૨૦૨૦ના સાંજે ૭.૩૦ કલાકે ગુરૂકુલ સ્કુલ, ઘાટકોપર (ઇસ્ટ)માં રાખવામાં આવેલ. છે.

## શ્રી અરિહંત કો.ઑ. બેંક લી.

અરિહંત બેંક દ્વારા ૩૬ વર્ષની પરિપુર્ણતા પ્રસંગે તા. ૩-૧-૨૦૨૦ના કાલિદાસ-મુલુંડ ખાતે સંગીતમય કાર્યક્રમ 'સુહાના સફર' યોજાયો હતો જેમાં બેંકના શેર હોલ્ડર્સ તથા ખાતાધારકોને આમંત્રિત કરવામાં આવ્યા હતા. મોટી સંખ્યામાં ઉપસ્થિતો એ કાર્યક્રમને આનંદભેર માણ્યો હતો. બેંકના ચેરમેન શ્રી હિરાચંદ દંડ એ પોતાના ઉદ્‌બોધનમાં બેંકની સધ્ધર સ્થિતિ વિશે માહિતી આપી. શેર હોલ્ડર્સ તથા ખાતા ધારકોનો સહયોગ માટે આભાર વ્યક્ત કર્યો હતો.

## શ્રી રિધ્ધીશ લોડાયા જાગીરદારને ગૌરત્ન એવોર્ડ

બાંઢીયા (હૈદરાબાદ)ના શ્રી રિધ્ધીશ રમેશ લોડાયા જાગીરદારને શ્રી જગન્નાથ મઠના શ્રી રામાનુજા શ્રીનિવાસા વૃતધર જીયર સ્વામીજીના હસ્તે ગૌરત્ન એવોર્ડ ૨૦૨૦થી સન્માનિત કરવામાં આવ્યા.

## ક.દ.ઓ. યુવા મિલન ૨૦૨૦

ગોવા ખાતે તા. ૧૧ થી ૧૪ જાન્યુઆરી દરમ્યાન ક.દ.ઓ. યુવાનો માટે યુવા મિલનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. રીસોર્ટમાં યોજાયેલ યુવા મિલન ૨૦૨૦માં ૪૦૦ જેટલા જ્ઞાતિજનોને ભાગ લીધો હતો. ખૂબજ સફળ રહેલા આ આયોજનનો અનેક યુવાનોને લાભ મળ્યો હતો.


**સાડીઓના અનુભવી શાંતીભાઈને મળો...**

પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક, મોચી ટાકો, બટ કસબ, ફુલહારી, ધારવાડી, હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓ અને ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે.
તેમજ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે.
તમારી જુની સાડીઓને ઓલ્ટર કરી આપશું.

**સોનલ આર્ટ**

**Mob.: 99678 41792**

'શિવમ', ડી-૨૦૧, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફિસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.

## શ્રીમતી લક્ષ્મીબેન વીરજી કન્યા છાત્રાલય-ઘાટકોપર



૮મી જાન્યુઆરીના રોજ કન્યા છાત્રાલયની વિદ્યાર્થીઓની નવા વર્ષની ઉજવણી કેક કાપીને તથા ગેમ રમીને કરી હતો. આ પ્રસંગે વર્કિંગ કમીટીના પ્રમુખ શ્રીમતી વિમલાબેન ગોસર, મંત્રી શ્રીમતી લીનાબેન વિરેન્દ્ર શાહ અને સભ્યોએ શ્રીમતી હિના ધરમશી, શ્રીમતી મૃદુલા દંડ, શ્રીમતી નીતલ લોડાયા તથા શ્રીમતી સીમા તારક શાહ ઉપસ્થિત હતા.

## પ્રકાશ સમીક્ષાના પ્રતિનીધીઓ

**મહેશભાઇ જવેરચંદ લોડાયા** - વારાપધર, ગાંધીધામ
મો. **99043 53381 / 79908 23606**

**શશીકાંત કુલિનકાંત લોડાયા** - કોચીન
મો. **93874 41909 / 88938 41909**

**હેમાંગ શાહ** - મુલુંડ, મો.: **09920646846**

**ગુલાબચંદ હિરજી છેડા** - જશાપર-સૂરત
મો.: **099985 56567**

**કિશોર કાનજી ધુલ્લા** - વડોદરા
મો.: **080001 27252**

**રાયચંદભાઇ મોમાયા** - કલીકટ
મો.: **079076 06932**

**શાહ પ્રબોધ હીરાચંદ મુનવર** - ભુજ - કોઠારા
મો.: **99251 69876** ફોન : **(02832) 223411**

## મેરેથૉન રનર ઍડ. ઉદયન લાલજી લોડાયા




મોટી સિંધોડીના મુલુંડ ખાતે રહેતા પ્રકાશ સમીક્ષાના તંત્રીમંડળના સભ્ય ઍડ. ઉદયનભાઇ ૧૫ વર્ષથી મેરેથૉનમાં ભાગ લઇ રહ્યા છે. તા. ૧૯-૧-૨૦૨૦ના યોજાયેલ ટાટા મુંબઇ મેરેથૉનમાં ૪૨ કિ.મી.ની મેરેથૉન તેમણે ૫ કલાક ૪૬ મિનીટમાં પુર્ણ કરી હતી. તેમણે આ અગાઉ ૬૫ કિ.મી.ના મેરેથૉનમાં તથા કુલ ૫૦ થી વધુ મેરેથૉનમાં ભાગ લીધો છે.

**પ્રકાશ સમીક્ષા તરફથી અભિનંદન.**


|| શ્રી ગણેશાય નમઃ ||    || જય શ્રી અંબે માતાય નમઃ ||

# (વાંકુ - સાંચરા - જખૌ)

સહર્ષ જણાવવાનું કે વાંકુગામમાં બિરાજમાન **શ્રી સોની ગોત્રનાં કુળદેવી શ્રી અંબે માતાજીની પુનઃ પ્રતિષ્ઠા મહોત્સવ**નાં શુભમંગલ પ્રસંગે આપ સહુ ભાવિકો અને નિયાણી બહેનોને ભાવભર્યું આમંત્રણ!

**-: સવંત-૨૦૭૬ :-**
**વૈશાખ વદ નોમ (૯) શનિવાર તા. ૧૬-૦૫-૨૦૨૦**
**વૈશાખ વદ દસમ(૧૦) રવિવાર તા. ૧૭-૦૫-૨૦૨૦**
**વૈશાખ વદ અગિયારસ (૧૧) સોમવાર તા. ૧૮-૦૫-૨૦૨૦**
**વૈશાખ વદ બારસ (૧૨) મંગળવાર તા. ૧૯-૦૫-૨૦૨૦**

ઉપર જણાવેલ વિગતો મુજબ આ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે બાકી રૂપરેખા અને સમયની આપ સહુને સમયસર જાણ કરવામાં આવશે

**નોંધ :** આપ સર્વે પરિવારદીઠ કેટલી સંખ્યામાં ઉપસ્થિત રહેશો તેની અગાઉથી જાણ કરવા નમ્ર વિનંતી જેથી રહેવાની વ્યવસ્થા કરવામાં સુગમતા રહે. તા. ૧૬-૫-૨૦૨૦ના રોજ સહકુટુંબ વાંકુ પોતાની રીતે ટિકિટો કઢાવી સમયસર આવી પ્રતિષ્ઠાની શોભા વધારશોજી.

**લિ. ભુવાશ્રી મેહુલભાઇ ગુલાબચંદ સોની તથા કાર્યકારીગણનાં જય માતાજી**


## વિગતવાર સમાચાર મોકલવામાં ઔચિત્ય - મર્યાદા

જ્ઞાતિ સંસ્થાની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોના સમાચારો સમાચાર વિભાગમાં પ્રકાશિત કરવા મોકલતી વખતે મુખ્ય વિગતો જ જણાવવા વિનંતિ છે. દીપ પ્રાગટ્ય, નવકાર મંત્ર પઠન, કોણે કોનું સન્માન કર્યું, ઇનામો-પારિતોષિકો મેળવનારનાં નામો, પર્યુષણમાં કયું સપનું કોણે પધરાવ્યું, ક્યા ક્યા વિશિષ્ટ મહાનુભાવો હાજર રહ્યા હતા જેવી વિગતો સમાચારમાં લઇ શકાતી નથી. આ માટે જાહેરખબરના માધ્યમનો જ ઉપયોગ કરી શકાશે.

**નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **પ્રદીપ રતિલાલ ટોકરશી શાહ (લોડાયા)**<br>(PS 6028) **ગામ - સાંયરા** | ગ્લોબસ નક્ષત્ર, ''હિરલદીપ'', બી-૧૬૦૩, ૧૬મે માળે,<br>ગોપાલ લેઆઉટ, પોન્નૈય્યારાજાપુરમ, કોઈમ્બતુર - ૬૪૧ ૦૦૧.<br>ફો.: 0422-2960776 |
| **કુલીનકાંત મેઘજી ગોવિંદજી શાહ (લોડાયા)**<br>(PS 4678) **ગામ - સુથરી** | વીતરાગ બંગલો, ૬૫, શિવ ફ્લોરેન્સ, મેલડી માતા મંદિરની<br>સામે, આનંદ સોજીત્રા રોડ, વલાસણ - ૩૮૮ ૩૨૫.<br>મો.: 098258 40165 |
| **ઉત્તમચંદ અભયચંદ મુલજી નાગડા**<br>(PS 502) **ગામ - નલિયા** | એ-૩૦૨, હિરાવંતી એપાર્ટમેન્ટ, હિરાવંતી કોમ્પલેક્સની પાછળ,<br>કરેલી બાગ, વડોદરા - ૩૯૦ ૦૧૮. મો.: 099209 52456 |
| **હરીશ ધનજી પાશ્વીર ડાઘા**<br>(PS 1157) **ગામ - વરાડીયા** | ૨૮૦૧, મહાવીર યુનિવર્સ ફીનીક્સ, એલ.બી.એસ. માર્ગ,<br>જૈન મંદિરની સામે, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૮.<br>મો.: 099302 89229 |
| **દિલીપ ગોવિંદજી શામજી ખોના**<br>(PS 4664) **ગામ - જખૌ** | બી-૧૧૦૩, હેરીટેજ સ્કાયઝ, HDFC બેન્કની પાછળ,<br>ઔડા ગાર્ડન પાસે, પ્રહ્લાદનગર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫.<br>મો. : 093757 77004 |
| **રાયચંદ ધારશી ખીમજી શિયાડ**<br>(PS 668) **ગામ - દલતુંગી** | ''સાકેત'' સુમન વિહાર, પ્લોટ નં. ૧૧૪, કામ્પટી રોડ,<br>મોહમ્મદ અલી પેટ્રોલ પંપની પાસે, ભીલગામ,<br>નાગપુર - ૪૪૧ ૦૦૨. મો.: 098674 52048 |
| **હિતેશ વિનોદ હીરજી લોડાયા**<br>(PS 4114) **ગામ - સુજાપુર** | X-૬૦૫, નવનીત નગર, લોઢા હેરીટેજની અંદર, દેસલેપાડા,<br>ડોમ્બીવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૩. મો.: 088796 64310 |
| **શાંતિલાલ હીરજી લાલજી લાપસીયા**<br>(PS 6737) **ગામ - સુથરી** | શ્રી શ્રી લેક પ્રાઈડ કો.હા.સો., ૪૦૧, ૪થે માળે,<br>ક્રીસ્ટલ એપાર્ટમેન્ટ, ગટ નં. ૪૧૦, શિરસોલી રોડ,<br>જલગામ - ૪૨૫ ૦૦૨. મો. : 079726 91313 |

## ધર્મ સંદેશ - ૧૪૮ નો ઉકેલ

**આડી ચાવીઓ -** (૧) ઉણોદરી (૩) મૂળચંદે (૬) વડાલી (૭) મરણ (૮) સેવા (૯) બે (૧૦) વિજય (૧૧) ઈલાચી કુમાર (૧૫) બે (૧૭) વિજાપુર (૧૯) કર્મ (૨૧) નાપાડ (૨૨) ઈડર(૨૩) ઈશ્વર (૨૫) સચિત (૨૭) નાગેશ્વર (૨૮) તેર (૨૯) પરોણા (૩૦) બરાસ

**ઊભી ચાવીઓ -** (૧) ઉજમફઈ (૨) દમણ (૩) મૂલેવા (૪) દેવદેવીઓ (૫) લીલી (૧૨) લાયજા (૧૩) કુમારપાળ (૧૪) રક્ષક (૧૬) મોક્ષ (૧૭) વિમલસહી (૧૮) પુના (૨૦) ઈડર (૨૨) ઈશ્વર (૨૩) ઈશ્વર (૨૪) પારસ (૨૬) તપ (૨૭) નાણા (૨૮) તેરા

## કચ્છી કસબ - ૧૪૮ નો ઉકેલ

**આડી ચાવીઓ -** (૧) વટમે (૩) પોચણું (૫) નેર (૬) ડખો (૮) ચાં (૯) રધ (૧૧) રખ (૧૩) ડીં (૧૪) સાવરા (૧૫) ખોણસ (૧૬) ચોવટ (૧૮) રોખો (૧૯) કપા (૨૧) ઢકણ (૨૩) ધવાઈ (૨૫) માઠો (૨૭) કીં (૨૯) ડછોડા (૩૨) મોઠો (૩૩) આજાર (૩૫) તાય (૩૬) ખોપટો (૩૮) ખપે (૩૯) તોરીલો (૪૦) કયો (૪૧) બ્યો

**ઊભી ચાવીઓ -** (૧) વડર (૨) મેડ (૩) ચક (૫) નેપાવટ (૭) ખોરખોરો (૧૦) ધભી (૧૨) ખણખોધ (૧૪) સાવ (૧૬) ચોપા (૧૭) ખોંઢ (૧૯) કઈ (૨૦) હઠોખઠો (૨૨) કખ (૨૪) વાવડ (૨૬) સોંણજા (૨૮) માળખો (૩૦) છોતા (૩૧) ડાયજો (૩૨) મોવાય (૩૪) રખેતો (૩૭) પખ

## ચર્ચાને ચોતરે વિભાગ અંગે

સર્વ વાચકોને નમ્ર વિનંતિ છે કે આપણી જ્ઞાતિને લગતી સમસ્યાઓ અને પ્રગતિ વિશે 'ચર્ચાના ચોતરે' વિભાગ માટે મુદાસર અને ટુંકમાં નિયમિત રીતે લખતા રહેશો. લખાણ સાથે આપનું પુરૂં નામ-સરનામું-ફોન નંબર-ઈમેઇલ મોકલવા જરૂરી છે. અલબત્ત વ્યક્તિગત આક્ષેપ કે નિંદાત્મક લખાણ પ્રકાશન યોગ્ય નહીં ગણાય. **– તંત્રી મંડળ**

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧-૦૯-૧૯ | જલગામ | શ્રેષ્ઠ, સ્નેહા હરિન લલીત વર્ધમાન લોડાયા (જોડીયા) | કોઠારા | પુત્ર |
| ૧૧-૦૯-૧૯ | જલગામ | રાજવીર, સ્નેહા હરિન લલીત વર્ધમાન લોડાયા (જોડીયા) | કોઠારા | પુત્ર |
| ૧૦-૧૨-૧૯ | ગાંધીધામ | વ્રેહાન, કોમલ પરીન અરવીંદ લોડાયા | વારાપધર | પુત્ર |
| ૧૩-૧૨-૧૯ | ઘાટકોપર | કિનાંક, કિંજલ અંકુર લહેરચંદ વિકમશી | જખૌ | પુત્ર |
| ૧૬-૧૨-૧૯ | અમદાવાદ | હસ્તા, સુનિલભાઈ નારાણભાઈ શાહ | તેરા | પુત્રી |
| ૨૦-૧૨-૧૯ | નાલાસોપારા | પ્રિન્સ, સેજલ તુષાર હિરાચંદ ડુંગરશી ગોશર | વારાપધર | પુત્ર |
| ૨૪-૧૨-૧૯ | ડોમ્બીવલી | નિધીશ, જક્ષીતા સંદીપ પ્રવીણ મોતા | જશાપુર | પુત્ર |
| ૦૨-૦૧-૨૦ | ડોમ્બીવલી | દિયા, બીના દિપક પ્રવીણ પદમશી દંડ | વરાડીયા | પુત્રી |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩-૧૨-૧૯ | ડોમ્બીવલી | દર્શન નવીનચંદ લક્ષ્મીચંદ લોડાયા | માંડવી | ૩૩ |
| | લાતુર | આરતી નરેન્દ્ર લાલજી દંડ | લાખણીયા | ૩૦ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦-૧૨-૧૮ | લાતુર | પરેશ નરેન્દ્ર લાલજી દંડ | લાખણીયા | ૨૮ |
| | લાતુર | પલ્લવી વિજયકુમાર શ્રીકાંતરાવ લીમ્બાલકર | લાતુર | ૨૫ |
| ૨૩-૧૧-૧૯ | થાણા | હર્ષ જયંત રમેશચંદ્ર મૈશેરી | સાંધાણ | - |
| | થાણા | અનિતા સંતોષકુમારન નાયર | પેરમ્બાવૂર | - |
| ૦૬-૧૨-૧૯ | બેંગલોર | નિખીલ શ્રીધર નાગરાજ નાગ | મૈસૂર | - |
| | રાયચૂર | નિરાલી શ્રીકાન્ત બંકીમચંદ્ર લોડાયા | સુથરી | - |
| ૦૮-૧૨-૧૯ | મુલુંડ | કુશ હિરેન લક્ષ્મીચંદ નાગડા | જખૌ | ૨૫ |
| | ચેમ્બુર | અદિતિ ઉત્કલ રતનશી ગડા | બાડા | ૨૫ |
| ૧૫-૧૨-૧૯ | સાંતાક્રુઝ | હર્ષ વિજય હંસરાજ લાપસિયા | દલતુંગી | ૨૭ |
| | ભોપાલ | પલ્લવી મનોજ અમરચંદ જૈન | ઈન્દોર | ૨૬ |

### છૂટા છેડા થયા

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪-૬-૧૯ | ડોમ્બીવલી | જિતેન કિર્તીકુમાર ખીમજી વિકમશી | વારાપધર | ૩૫ |
| | પાચોરા | લીના સુભાષ લક્ષ્મીચંદ ધરમશી | સુથરી | ૩૩ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૪-૦૧-૨૦ | મસ્જીદ બંદર | નિર્મલાબેન નિરંજન કેશવજી મોમાયા | વરાડીયા | ૭૬ |
| ૦૪-૦૧-૨૦ | અંધેરી | મલ્યાબાઈ આણંદજી નથુભાઈ ખોના | જખૌ | ૮૮ |
| ૦૫-૦૧-૨૦ | મુલુંડ | કસ્તૂરબેન ચાંપસી લીલાધર મોતા | જશાપુર | ૮૫ |
| ૦૬-૦૧-૨૦ | હૈદરાબાદ | હિરાચંદ વાલજી પદમશી ધરમશી | કોઠારા | ૭૦ |
| ૦૭-૦૧-૨૦ | હૈદરાબાદ | જીવરાજ આણંદજી પરબત મોતા | વારાપધર | ૮૨ |
| ૦૭-૦૧-૨૦ | આદીપુર | આર્નવ અનિલ ચંદ્રકાંત લોડાયા | સુથરી | ૧૭ |
| ૧૦-૦૧-૨૦ | નાગપુર | જયવંતી પદમશી પુનશી લોડાયા (શાહ) | નલિયા | ૮૬ |
| ૧૦-૦૧-૨૦ | રાપર | દમયંતી રતીલાલ ઉમરશી મોતા (પટેલ) | રાપર | ૭૫ |
| ૧૨-૦૧-૨૦ | ડોમ્બીવલી | રંજનાબેન મુલચંદ રૂપશી લોડાયા | મોટી ખાવડી | ૭૯ |
| ૧૨-૦૧-૨૦ | મુલુંડ | ટોકરશી પદમશી ભાણજી નાગડા | નલિયા | ૮૮ |
| ૧૩-૦૧-૨૦ | પન્નખેડ | કુ. વંશીકા હિતેશ લાલજી નાગડા | જખૌ | ૧૬ |
| ૧૩-૦૧-૨૦ | ભુવનેશ્વર | નીતા ધનેશ લક્ષ્મીચંદ લોડાયા | સાંયરા | ૫૦ |
| ૧૫-૦૧-૨૦ | વસઈ | રાજેન્દ્ર કાન્તીલાલ ખીમજી ગોશર | બારોઈ | ૬૦ |
| ૧૫-૦૧-૨૦ | વડોદરા | હરીશ પદમશી લખમશી દંડ | તેરા | ૫૫ |
| ૧૫-૦૧-૨૦ | નાલાસોપારા | મધુકાન્તા રજનીકાન્ત ધનજી નાગડા | તેરા | ૬૭ |
| ૧૬-૦૧-૨૦ | USA | હંસરાજ ત્રિકમજી ગોવિંદજી ધરમશી | મંજલ | ૮૦ |
| ૨૦-૦૧-૨૦ | સાયન | રાજ વિજય રાયચંદ ખોના | સુથરી | ૨૫ |
| ૨૦-૦૧-૨૦ | વલસાડ | રમેશચંદ્ર દેવજી ગોવિંદજી મૈશેરી | રાપર | ૭૯ |

|| જય શ્રી મોમાઈ માતાય નમઃ || || જય શ્રી સુરાપુરા દાદાય નમઃ ||

## શ્રી લાપશિયા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજીત ૨૬ મી પહેડી તથા સ્નેહમિલન

**'સમરીએ દીન રાત તુજે મોમાઈ માવડી, ભવપાર ઉતારજે માડી તું અમારી નાવડી'**

જેના સ્મરણ માત્રથી અંતરમાં આસ્થા ઉભરે, જેની ભક્તિથી ભવોભવની ભીડ ભાંગે અને જેના દર્શનથી ધન્ય-ધન્ય થઇ જવાય એવા આપણા સર્વની રક્ષા કરતી, દુઃખડાં હરતી હાજરાહજૂર પ્રગટ પરચાધારક મોમાઇ માતાજીની ભવ્યાતિભવ્ય ભક્તિ કરવાનો અમૂલ્ય ઉત્સવ આપણે આંગણે રૂમઝૂમ પગલે આવી રહ્યો છે....

ત્યારે પહેડીને ભાવરસથી તરબોળ બનાવવા અમે આપ સર્વના સથવારાને અંતરથી ઝંખીએ છીએ. પહેડીના ભક્તિ પર્વમાં સહભાગી થવા સંવત ૨૦૭૬ ને મહાસુદ ૯ ને **રવિવાર તા. ૨-૨-૨૦૨૦**ના આયોજન કરવામાં આવેલ છે. આ પ્રસંગે સર્વે ભાવિકો તથા કુટુંબની નિયાણી/દીકરીઓ ને સહપરિવાર પધારવા સ્નેહભર્યું આમંત્રણ છે.

**લાપશિયા પરિવારના ભાઇઓને વિનંતી છે કે પોત પોતાની નિયાણી/દીકરીઓને આમંત્રણ પોતાને જ આપવાનું રહેશે (આ મેસેજને આમંત્રણ પત્રિકા સમજવા વિનંતી)**

**ભક્તિધામ : જૈનમ બેંન્કવેટ, ક્લાસીક હૉલ, ગ્રાઉન્ડ ફ્લોર, એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વેસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૭૮.**

| | | | |
|---|---|---|---|
| નવકારશી | : સવારે ૮.૦૦ કલાકે | નેવૈદ્યનો થાળ ધરાવવાનું | : સવારે ૧૧.૦૦ કલાકે |
| માતાજીની છબીની સ્થાપના | : સવારે ૯.૦૦ કલાકે | માતાજીની આરતી (બોલી બોલનારના હસ્તે) | : બપોરે ૧૨.૦૦ કલાકે |
| ભાવિકોનું હાર્દિક અભિવાદન | : સવારે ૯.૩૦ કલાકે | અલ્પાહાર-પ્રસાદ | : બપોરે ૧૨.૩૦ કલાકે |
| મંડળની રૂપરેખા | : સવારે ૧૦.૦૦ કલાકે | રાસ-ગરબા | : બપોરે ૨.૦૦ કલાકે |

દર ત્રણ વર્ષે લાપશિયા ચેરીટેબલ ટ્રસ્ટની નવી કમિટીની નિમણુંક કરવામાં આવે છે જે સિલેક્શન થી નિમણુંક કરવામાં આવશે.

**ખાસ નોંધ :** ૧) પહેલા આવનાર ૫૦ ભાવિકોને વિશેષ કુપન આપવામાં આવશે. જેમાંથી એક ભાગ્યશાળીને લકી ડ્રો દ્વારા આકર્ષક ભેટ આપવામાં આવશે. ૨) ત્યારબાદ દરેક ભાવિકોને કુપન આપવામાં આવશે જેમાંથી લકી ડ્રો દ્વારા ત્રણ ભાગ્યશાળીઓને આકર્ષક ભેટ આપવામાં આવશે. ૩) આ શુભ પહેડી પ્રસંગને અનુરૂપ વસ્ત્રો ધારણ કરવા વિનંતી (કાળા વસ્ત્રો પહેરવા નહીં)

**લી. શ્રી લાપશિયા ચેરીટેબલ ટ્રસ્ટ** **પ્રમુખ : શ્રી દિલીપ ડુંગરશી લાપશિયા**

---

સતત ૨૫ વર્ષથી

## શ્રી ક.દ.ઓ. ચાર્ટડ એકાઉન્ટન્સ એસોશિયેશન

કાર્યાલય : C/o. ટી.એમ. ગોસર એન્ડ કંપની, ૧૨, શીવાજી ફોર્ટ કૉ. ઓપ. સોસાયટી લીમીટેડ, ઇસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે, શીવ (પૂર્વ), મુંબઇ-૪૦૦ ૦૨૨. ફોન : 022-24016093, ઇમેલ : ghanshyamlalka@gmail.com

## બજેટ મિટિંગ - ૨૦૨૦

શ્રી ક.દ.ઓ. ચાર્ટડ એકાઉન્ટન્સ એસોશિયેશન દ્વારા સતત ૨૫ વર્ષ થી બજેટ મિટીંગનું આયોજન કરવામાં આવે છે. તે પરંપરા મુજબ આ વર્ષે બજેટ મિટીંગ **શનિવાર, તા. ૮-૨-૨૦૨૦**ના બપોરના ૩.૩૦ કલાકે **''તક્ષશીલા ઓડીટોરીયમ''** ચાણક્ય બિલ્ડીંગ, કે.જે. સોમૈયા ઇન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ, ૪થે માળે, સોમૈયા વિદ્યાવિહાર કેમ્પસ, વિદ્યાવિહાર (ઇસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૭૭ મધ્યે રાખેલ છે.

આ મીટીંગના મુખ્ય અતિથિ : **સોલિસિટર બંકિમચંદ્ર પી. ખોના** (જખૌ - ચર્ચગેટ)

### કાર્યક્રમની રૂપરેખા

**ભાગ ૧**

**ઈન્કમટેક્ષ તથા GST ટેક્ષમાં ફેરફારો**

**અધ્યક્ષ : C.A. કમલેશ શીવજી વિકમશી**

(ચાર્ટડ એકાઉન્ટન્સ ઈન્સ્ટીટ્યુટના પૂર્વ પ્રમુખશ્રી)

વિષય : **ઈન્કમટેક્ષમાં ફેરફારો - C.A. ધારીણી શાહ**

વિષય : **GST માં ફેરફારો - C.A. રાજીવ લુઠીયા**

**ભાગ ૨**

**આજના સમયમાં Capital Marketમાં રોકાણ કરવાની વિવિધ તકો.**

સ્પીકર : **અનુપ મહેશ્વરી** (CIO & Jt. CEO IIFL Asset Management Ltd.)

**Office Bearers :**

**Ghanshyam C. Lalka** (President) - 9820320606
**Gautam Shah** (Vice President) - 9833444468
**Hitesh Dharamshi** (Secretary) - 9821311796
**Devang Kumar Dand** (Treasurer) - 9892812362

**નોંધ :** આ કાર્યક્રમ દરમ્યાન જ્ઞાતિના વિદ્યાર્થીઓ જેમણે મે ૨૦૧૯ તથા નવેમ્બર ૨૦૧૯માં IPCC/PC/PCE વગેરે સમકક્ષ પરીક્ષા તથા C.A./C.S અથવા ICWAમાં ઉત્તીર્ણ થયા હોય તેમનું બહુમાન કરવામાં આવશે. આ માટે ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓએ પોતાની વિગતો અસોશિયેશનના કાર્યાલયમાં મોકલવવા વિનંતી. સર્વે આમંત્રિતો તથા ઇચ્છુક જ્ઞાતિજનોને આ કાર્યક્રમમાં પધારવા સાદર આમંત્રણ છે. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

|| श्री महावीराय नमः || || श्री पद्मप्रभस्वामिने नमः || || अनंत लब्धि निधान श्री गौतमस्वामिने नमः ||

|| श्री आर्य–जय–कल्याण–गौतम–नीति–दान–नेम–गुण–गुणोदय–कलाप्रभ–कवीन्द्र–वीरभद्र–महोदयसूरिभ्यो नमः ||

# खानदेश प्रदेशे – चालीसगामनी धन्य धरा पर परमना पंथे प्रयाण करवा थनगनता

# मुमुक्षु कु. मोनिकाबेन (C.A.) ना प्रव्रज्या प्रयाणोत्सव प्रसंगे

# सकल श्री संघने पधारवा

# सस्नेह निमंत्रण



## दिव्य कृपा

राष्ट्रसंत, भारत दिवाकर अचलगच्छाधिपति
प.पू.आ.भ. श्री गुणसागरसूरीश्वरजी म.सा.
प्रवर्तिनी महत्तरा प.पू. सुसाध्वी श्री गुलाबश्रीजी म.सा.
शांतमूर्ति प.पू. सुसाध्वी श्री शीतलश्रीजी म.सा.
स्वाध्याय प्रेमी प.पू. सुसाध्वी श्री नरेन्द्रश्रीजी म.सा.
शासन प्रभाविका प.पू. सुसाध्वी श्री विद्युतप्रभाश्रीजी म.सा.
व्यवहार पटु प.पू. सुसाध्वी श्री चारुलताश्रीजी म.सा.
दीर्घ संयमी प.पू. सुसाध्वी श्री गुणलक्ष्मीश्रीजी म.सा.

## मंगल प्रवेश

आगम दिवाकर प.पू.आ.भ.
**श्री महोदयसागरसूरीश्वरजी म.सा.** आदि ठाणानो प्रवेश
तथा अचलगच्छाधिपति प.पू.आ.भ.
श्री गुणसागरसूरीश्वरजी म.सा.नी जन्मतिथि निमित्ते गुणानुवाद
**महा सुद २, रविवार ता.२६-१-२०२०**

## मंगल मुहूर्त तथा आज्ञा प्रदाता

तपचक्रवर्ती जिनशासन शिरोमणी प.पू.आ.भ.
**श्री गुणोदयसागरसूरीश्वरजी म.सा.**

## शुभाशिष प्रदाता

साहित्य दिवाकर प.पू.आ.भ.
श्री कलाप्रभसागरसूरीश्वरजी म.सा.
१८मा वर्षीतपाराधक प.पू.आ.भ.
श्री कवीन्द्रसागरसूरीश्वरजी म.सा.
ज्योतिषाचार्य प.पू.आ.भ.
श्री वीरभद्रसागरसूरीश्वरजी म.सा.

## शुभकामना प्रदाता

प्रवर्तिनी महत्तरा
प.पू. सुसाध्वी श्री वसंतप्रभाश्रीजी म.सा.
प्रवर्तिनी प.पू. सुसाध्वी श्री अरुणोदयश्रीजी म.सा.
प.पू. सुसाध्वी श्री महोदयाश्रीजी म.सा.
प.पू. सुसाध्वी श्री विनयप्रभाश्रीजी म.सा.
प.पू. सुसाध्वी श्री भावपूर्णाश्रीजी म.सा.
प.पू. सुसाध्वी श्री यश:प्रभाश्रीजी म.सा.
प.पू. सुसाध्वी श्री चारुप्रज्ञाश्रीजी म.सा. आदि

## प्रव्रज्या प्रसंगे निश्रा प्रदाता

आगम दिवाकर प.पू.आ.भ.
**श्री महोदयसागरसूरीश्वरजी म.सा.** आदि ठाणा



प.पू. महाप्रज्ञाश्रीजी म.सा. प.पू. सम्यग्दर्शनाश्रीजी म.सा.
प.पू. दिव्यदर्शनाश्रीजी म.सा. प.पू. मुक्तिरसाश्रीजी म.सा.
प.पू. संयमगुणाश्रीजी म.सा. प.पू. हर्षवदनाश्रीजी म.सा.
प.पू. जयदर्शिताश्रीजी म.सा. प.पू. हर्षनिधिश्रीजी म.सा.

परम पूजनीय चतुर्विध श्री................................संघ सुदेव गुरु उपासक धर्माराधक श्री......सादर प्रणाम

आजे अमारा हैया हेले चड्या छे... मन मोरलो नाची रह्यो छे...

अत्यंत आनंदनी अभिव्यक्ति पूर्वक जणाववानुं के विरति नी वाटे विहरवा थनगनी रहेला... गुरुमैया प.पू. साध्वी श्री चारुलताश्रीजी म.सा.ना सुशिष्या प्रशांतमना सौम्य स्वभावी प.पू. श्री महाप्रज्ञाश्रीजी म.सा.ना चरणे पोतानुं जीवन समर्पित करवा उत्कंठित थयेला, अध्यात्म योगिनी प.पू. साध्वी श्री विश्वदर्शनाश्रीजी म.सा.नी संसारिक भाणेज...

गाम कच्छ तेरा (हाले रायपुर)ना मातुश्री भीमलताबेन पानाचंदभाई लोडायाना पौत्री,

मातुश्री मणीबाई डुंगरशी धरमशी (कच्छ सांधाण–हाल मुंबई)नी दोहित्री,

**रत्नकुक्षी अ.सौ. प्रभाबेन महेन्द्रभाई लोडायानी सुपुत्री**

# "मुमुक्षु मोनिकाबेन" (C.A.)

**भागवती दीक्षा** स्वीकारी रह्या छे...

खानदेश प्रदेशे सौ प्रथमवार दीक्षा महोत्सवनो लाभ प्राप्त थतां खानदेश वासीओना उरमां आनंद समातो नथी. प्रव्रज्या प्रयाणोत्सवना आ मंगल प्रसंगे आपश्रीने अंतरना आशिष अर्पवा, सपरिवार पधारी शासननी शोभामां अभिवृद्धि करवा भावभर्यु आमंत्रण छे.

# प्रव्रज्या प्रयाणोत्सवनो पवित्र कार्यक्रम

## प्रथम दिवस

**महा सुद ६ गुरुवार ता.३०-१-२०२०**

सवारे ५.३० कलाके मंगलप्रभात **शहनाई वादन**

सवारे ६.३० कलाके **स्नात्र पूजा**

सवारे ९.०० थी ११.३० कलाके

**श्री वर्धमान शक्रस्तव अभिषेक**

बपोरे २.०० कलाके

**श्री पार्श्वनाथ पंच कल्याणक पूजा**

रात्र. ८.०० कलाके **आंगी-भावना**

## द्वितीय दिवस

**महा सुद ७ शुक्रवार ता.३१-०१-२०२०**

सवारे ५.३० कलाके मंगलप्रभात शहनाई वादन, सवारे ६.३० कलाके स्नात्र पूजा

सवारे ८.३० कलाके **वर्षीदाननी शोभा यात्रा**

सवारे १०.०० थी ११.०० कलाके

**आचार्य भगवंतनु प्रवचन ''संयम क्यारे मळशे ?''**

सवारे ११.०० कलाके **बेठुं वरसीदान**

बपोरे २.०० कलाके उपकरण वंदनावली, चगबंधन विधि,

उपकरणनी छाबो भरवानो, कपडा रंगवानो कार्यक्रम

रात्रे ८.०० कलाके **विदाय समारोह**

## तृतीय दिवस

**महा सुद ८ शनिवार ता.१-२-२०२०**

सवारे ५.३० कलाके **मंगलप्रभात शहनाई वादन**, सवारे ६.३० कलाके **स्नात्र पूजा**

सवारे ८.३० कलाके **परम सुख अपावनारी अनंत कर्मोनो भुक्को बोलावनारी**

**दीक्षा विधिनो प्रारंभ**

### प्रव्रज्या मुख्य स्तंभ

* मातुश्री भीमलताबेन पानाचंदभाई लोडाया परिवार (तेरा) रायपुर
* श्री छत्तीसगढ कच्छी जैन संघ एवं श्री छत्तीसगढ क.द.ओ. जैन संघ (महाजन)रायपुर छत्तीसगढ

### प्रव्रज्या रत्न स्तंभ

* श्री कच्छी दशा ओसवाल ज्ञाति महाजन - चालीसगाम
* मातुश्री मधुरीबाई भवानजी लोडाया (कोठारा) चालीसगाम - विद्याविहार
* मातुश्री जयाबाई झवेरचंद मोमाया (सांयरा) - चालीसगाम
* सूरि गुणोदय कृपा प्राप्त मातुश्री रतनबाई विसनजी शिवजी हरीया परिवार (साभराइ) गंजबासोदा (च.झ.)

### प्रव्रज्या सुवर्ण स्तंभ

* मातुश्री मुरबाई झवेरचंद वेलजी लोडाया - सांयरा (रायपुर)
* सूरि गुणोदय पार्श्व भक्त सुश्राविकाबेन - गंजबासोदा (M.P.)
* सूरि गुणोदय गुरु भक्त पंच परमेष्ठि परिवार गंजबासोदा (M.P.)
* भव्य विश्व कृपाकांक्षी श्री वासुपूज्य अचलगच्छ जैन संघ - विदिशा (M.P.)
* सम्यक् मुक्ति प्रेरणाथी श्री रायशी मुरजी गोसर परीवार (देवपुर)
  ह : मणीबेन रतनशी गोसर - विदिशा (M.P.)
  श्रीमती हेमलताबेन भवानजी गोसर - वडाला (मुंबई)
* प.पू. सा. श्री महाप्रज्ञाश्रीजी म.सा. प्रेरणाथी
  मातुश्री राजबाई नरशी छेडा परीवार, सुथरी


### महोत्सव स्थल

**श्री पद्मप्रभस्वामि जैन श्वेतांबर देरासर**

स्टेशन रोड, चालीसगाम, जि. जलगाम.

इंद्रेशभाई पोलडीया Mo.7588647903 चंद्रेशभाई लोडाया Mo. 9422779721


### निमंत्रक



**श्री कच्छी दशा ओसवाल जैन श्वेतांबर देरासर ट्रस्ट - चालीसगाम**

**मातुश्री भीमलताबेन पानाचंदभाई लोडाया परिवार, अ.सौ. लेखा धवल लोडाया,**

**चि. शौर्या धवल लोडाया, गाम - तेरा, हाले रायपुर**



CDO Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Date of Publication every month 5th & 20th
Postal Regd. No. MCS/217/2018-2020 WPP Licence No. MR/Tech/WPP-352/South/2020
Posting : 8/9 & 23/24 of Every Month Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# શ્રદ્ધાંજલી

## પ્રથમ પુણ્યતિથિ

જન્મ
૧૯/૦૩/૧૯૪૯



અરિહંત શરણ
૨૮/૦૧/૨૦૧૯

## શ્રી નવીનચંદ્ર ઠાકરશી રામૈયા ધરમશી
## વડોદરા - સુથરી

શ્રધ્ધાં સુમન

હંમેશા નવીનતમ કાર્યો કરનાર મુઠ્ઠી ઉંચેરા મહામાનવ
માતુશ્રી ચંદન બેન નવીનચંદ્ર ધરમશી
પુત્ર મનીષ ધરમશી, • પુત્રવધુ અ.સૌ. બોબી મનીષ ધરમશી
પુત્રી અ.સૌ. અંજના નિલેશ મોમાયા • જમાઈ : નિલેશ મણિલાલ મોમાયા (વરાડિયા)
પૌત્ર રોનીલ મનીષ ધરમશી • પૌત્રવધુ આકાંક્ષા રોનીલ ધરમશી
પૌત્રી વિધિ મનીષ ધરમશી • દોયત્રી કરિશ્મા નિલેશ મોમાયા
શ્રી ઠાકરશી રામૈયા ધરમશી પરિવાર (સુથરી)
માતુશ્રી ધનબાઈ ઉમરશી ધરમશી પરિવાર (સુથરી)
માતુશ્રી રતનબાઈ ધનજી ધરમશી પરિવાર (સુથરી)
સમસ્ત ધરમશી પરિવાર

| If undelivered, please return to : | To, |
|---|---|
| **C.D.O. PRAKASH SAMIKSHA**<br>**C/o. Madhu Entertainment & Media Ltd.,**<br>A/704, Remi Bizcourt, Plot No. 9, Shah Indl. Estate,<br>Off Veera Desai Road, Andheri (W), Mumbai-400 053. | |

Printed, Published & Edited by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N.M. Joshi Marg, Lower Parel, Mumbai - 400 013. and Published from 13A, 29/41, Tamarind Lane, Rajabahadur Compound, Fort, Mumbai - 400 001.